


વર્ષ : ૧૨ નવેમ્બર–૧૯૯૦ અંક : ૨

# સ્વાગત કે સન્માન શાનું?

એક માતા પોતાના ત્રણચાર પુત્રોમાંથી એકને ત્યાંથી બીજાને ત્યાં આવે ત્યારે, તે માતાનું કોઈ સન્માન કરતું નથી. એની આવશ્યકતા પણ નથી હોતી. એજ રીતે વિદેશોમાં વસતા સાધક ભાઈબહેનો પણ અમારાં સંતાનો જ છે. એમને ત્યાંથી અમે ભારતના અમારા છોકરાઓ પાસે આવીએ તો સન્માનની શી આવશ્યકતા? શી જરૂર?

આમ છતાં તમારા ભાવની અમે કદર કરીએ છીએ.

વિદેશોમાં વસતા અમારા બાળકો ખાનપાન અને બીજા દોષોનો ભોગ બનેલા છે. પરંતુ શું કોઈ માતા પોતાના પંથ ભૂલેલા પુત્રોનો કદી પરિત્યાગ કરે છે ખરી? માને મન તો સારાં કે ખરાબ બધાં જ સંતાનો સરખાં છે. ઉલ્ટુ પ્રભુ–પંથ ભૂલેલાં એ બાળકો પ્રત્યે માનું મમતાળુ દિલ વધું ખેંચાય છે. એ સમજે છે કે એનાં પ્રેમ, મમતા ને માર્ગદર્શનની જરૂર એ બાળકોને વધારે છે. એટલે જ અમે આટલું લાંબુ વિદેશોમાં રોકાયાં.

(પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ તા. ૨૪/૧૦/૯૦ ના અમદાવાદના સન્માન સમારંભના પ્રત્યુત્તરમાં કરેલા ઉદ્બોધનમાંથી)

મા સર્વેશ્વરી



મા શ્રી સર્વેશ્વરી

## શ્રી શ્રી મા શારદાની પ્રશસ્તિ

શતકર્મ કોઇક જનનાં જગમાં ફળે છે,
ત્યારે જ ચિત્ત ચરણે મધુરાં મળે છે;
ગાવા ગમે ગુણ સદાય પછી તમારા,
શ્રી શારદા નમન હો શતવાર મારા. ૧
કોને સ્તવું? સ્તવન યોગ્ય તમે જ એક,
વ્યક્તિત્વ દિવ્ય અણમોલ તમારું છેક;
વાણી બને સફળ ગાન થકી તમારા,
દેવી મહા નમન હો શતવાર મારા. ૨
વિશ્વંભરી મધુમયી જગદંબ એવાં,
નામો રમે હૃદયમાં રસખાણ જેવાં;
નેત્રો જુવે, મધુરરૂપ વળી તમારાં,
શ્રી શારદા નમન હો શતવાર મારા. ૩
જોડાયે ચિત્ત દિનરાત પ્રમત્ત ધ્યાને,
છે સુખનું ઉર સદા બડભાગ માણે;
આસીન હો નિત તમે ઉરમાંહી મારા,
દેવી મહા નમન હો શતવાર મારા. ૪
મા સર્વેશ્વરી નમન હો, શતવાર મારા.

જે દેવી સર્વે ભૂતોમાં,
માતા રૂપે વસી રહી,
નમું તેને, નમું તેને,
વારંવાર નમું નમું.

— યોગેશ્વરજી


# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી ભાઇલાલભાઇ છાટબાર, શ્રી મણિભાઈ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧


### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૦મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા શ્રી સર્વેશ્વરી | ૩ |
| પાથેય | શ્રી ગોરધનભાઈ કલોલા (કલ્યાણ) | ૯ |
| ભગવાન શ્રીકૃષ્ણ યોગેશ્વર શા માટે? | પ્રા. જનાર્દન દવે | ૧૫ |
| મારા ગુરુદેવ (૪) | નારાયણ હ. જાની | ૨૫ |
| સદ્ભાવભરી સહાય | — | ૩૩ |
| સંતોની સાધના | અજીત પાઠક (કેનેડા) | ૩૬ |
| નવા વર્ષે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું ઉદ્બોધન | સર્વેશ્વરી પદરેણુ | ૪૩ |
| ગીતા ઘરમાં વસાવો | તંત્રી | ૪૭ |
| રામાયણમાં કુટુંબલક્ષી કર્મવાદ | રતિલાલ ભાવસાર | ૪૯ |
| બે ચમત્કારિક ઘટનાઓ | નારાયણ હ. જાની | ૫૭ |
| રામકથા | શ્રી યોગેશ્વરજી | ૬૨ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૨ નવેમ્બર—૧૯૯૦ અંક : ૨

## શ્રી યોગેશ્વર કથામૃત

મા શ્રી સર્વેશ્વરી

**વિ. સં. ૨૦૩૬ આસો વદ ત્રીજ ને રવિવાર, તા. ૨૬/૧૦/૮૦, સ્થળ : ૫૫/૧ અરુણોદય સોસાયટી, અલકાપુરી, વડોદરા.**

ભાવનગરમાં પૂ. માતાજીના અસ્થિવિસર્જન ક્યાં ક્યાં કરવાના તેની ચર્ચા થઈ હતી. જે કાર્યક્રમ ઘડાયો હતો તે મુજબ આજે વડોદરા પાસે આવેલા ચાણોદ કરનાળીના નર્મદાનદીના મુરલી-સંગમ ઉપર માતાજીનાં અસ્થિવિસર્જનનો કાર્યક્રમ હતો.

સવારે લગભગ સવાસાતે અમે ગાડીમાં ગોઠવાયાં. આજે પૂ. શ્રીનાં બેન પણ સાથે હતાં. અમારી સાથે એક એસ. ટી બસ પણ હતી. જેમાં કપુરાનાં ૧૩, અમદાવાદના—૫, આણંદના—૩, સૂરત-ના—૭ ને ભાવનગરના—૨ એમ કુલ ત્રીસ ભાવિકો બહારગામનાં

હતાં. બાકીના વડોદરાના હતા.

ચાણોદ કરનાળી બે કલાકમાં અમે પહોંચી ગયાં. ત્યાં વળી કપુરા સર્વેશ્વરીના જન્મસ્થાનનાં નવ ભાઈબેનો પણ આવી ગયાં હતાં. રાત્રે એક વાગ્યે નીકળી અહીં પાંચ વાગ્યે આવી ગયાં હતાં. અમે ૧૦ વાગ્યે પહોંચ્યાં. ભારે તપશ્ચર્યા તે સૌ ભાઈબેનોએ કરી. પૂ. શ્રીને અને અમને ખૂબ આનંદ થયો.

ચાર હોડી કરી સૌ ગોઠવાયા. દરેક હોડીમાં ભજન ધૂન શરૂ થયાં. પૂ. શ્રીએ મંત્રોચ્ચાર સાથે એમનાં બેન અને તેમના પતિ શ્રી અંબાલાલભાઈ પાસે અસ્થિ પ્રવાહીત કરાવ્યાં. સૌએ સ્નાન કર્યું. પૂ. શ્રીએ પોતે એકલા દૂર જઈને સ્નાન કર્યું.

નર્મદા કિનારે પાથરણાં પથરાયાં. પૂ. શ્રીનો દરબાર ત્યાં ભરાયો. શિવમહિમ્ન સ્તોત્ર (જેનો ગુજરાતીમાં કાવ્યાનુવાદ પૂ. શ્રીએ કરેલો છે.) તેનો સમૂહ પાઠ થયો. રામકૃષ્ણ દેવની સ્તુતિનો એક ભાગ, ધૂન બોલી શાંતિપાઠ થયો.

પૂ. શ્રીએ નર્મદા કિનારે બેસી સૌને અસ્થિવિસર્જન શામાટે તેનું રહસ્ય સમજાવ્યું. માતાજીની વાતો કરી. આ કાર્યક્રમ નિમિત્તે સૌ ભેગા થયા, સત્સંગ થયો, નર્મદાજીમાં સ્નાન થયું વિ. લાભોની વાત થઈ. નર્મદા કિનારે બેસી સંકલ્પ કરીએ કે કોઈનું ખરાબ ન કરીએ, વધારે જપ–તપ–કરીએ સૌની નિઃસ્વાર્થભાવે સેવા કરીએ વિગેરે સુંદર નાનકડો બોધપ્રદ વાર્તાલાપ પૂ. શ્રીએ કર્યો. પૂ. શ્રીએ સર્વેશ્વરીને બોલવાનું સૂચન કર્યું, જેથી સર્વેશ્વરીએ એક ગુરુવારે માતાજીને અર્ધીરાતે ગ્લુકોઝનો બાટલો આપ્યો ત્યારે જાગ્રત્ રહી શકાય તેથી સત્સંગ કરાવ્યો, તે વાત કરી. માતાજીની થોડી વાતો થઈ.

ફરી પૂ. શ્રીએ સર્વેશ્વરીના શુભગુણોનું દર્શન કરાવતાં કહ્યું કે



કપુરાનું, તમારા કુટુંબનું આ રત્ન છે. નિઃસ્વાર્થ સેવાથી માતાજીનું હૃદય જીતી લીધું એ મુદ્દાપર પૂ. શ્રીએ ભાર મૂક્યો.

સૌ હોડીમાં ભજન ધૂન કરતાં કરતાં ચાણોદના કિનારે આવી ગયાં. ત્યાં સ્વામીનારાયણના મંદિરમાં પૂ. શ્રી તરફથી ખીચડી, શાક છાશનું ભોજન હતું. તે સો જેટલા સાધક ભાઈબેનો સાથે અમે પણ લીધું.

કપુરાના ભાવિક ભક્તો વિદાય થયા. બાકીના બધા બસમાં ગોઠવાયા.

લગભગ ચાર વાગ્યે વડોદરા આવી ગયા. પૂ. શ્રી સાડાચાર સુધી નીચે બેઠા ને ઉપર આવ્યા બાદ પૂ. શ્રી તારાબેન અને શ્રી અંબાલાલ સાથે પાંચ વાગ્યા સુધી બેઠા. ૫ થી ૬ વિશ્વવંદ્ય ઉદ્યાનવાળા શ્રી વિષ્ણુપ્રસાદ મજમુદાર અને ડો. તાપીદાસનાં પત્ની વિગેરે મળવા આવ્યા. તેમની સાથે પૂ. શ્રીએ વાતો કરી.

છ વાગ્યે વડોદરાના દર્શનાર્થીઓ આવ્યા પૂ. શ્રીએ ફક્ત ૧૫ મિનિટ મળાશે એમ કહી સૌને ઉપર દર્શનાર્થે આવવા દીધા.

બે બેનોએ ભજનો ગાયાં. બાદ કોઈ ભાઈબેનને પ્રશ્ન પૂછવો હોય તો પૂછી શકાય એમ સૂચના અપાઈ, જેથી પ્રશ્નોત્તરી શરૂ થઈ.

પ્રશ્નઃ—આ લોક સાચો ને પરલોક ખોટો એ અંગે જાણીતા સાહિત્યકારનો અભિપ્રાય તમારી દૃષ્ટિએ યોગ્ય છે.

પૂ. શ્રીઃ—એ અભિપ્રાય કંઈ એટલો બધો ખોટો નથી. પરલોક ઉપર જ બધી પ્રવૃત્તિનો આધાર રાખીએ તે યોગ્ય પણ નથી ને !

આ લોકમાં છીએ, આ જીવનમાંજ જેટલું પણ સેવામય સંયમી જીવન જીવાય એજ મહત્ત્વનું છે. પરલોકનું તો પાછળનું છે.

અત્યારે જ સત્કર્મપરાયણ ન હોઈએ તો? આ જીવન ધર્મપરાયણ વ્યવહારૂ હોવું જોઈએ. આપણાં અહીંનાં કર્મો, જપ, તપ જીવનને ચમકદાર બનાવે તેવાં હોવાં જોઈએ. ૫૦ માળા કરો ને જૂઠું બોલો, વાસના રાખો, રાગદ્વેષ રાખો તો આ જીવનમાં શો લાભ? આ જીવનમાંજ શાંતિ મેળવવી જરૂરી છે. જીવનની વાસ્તવિકતાનો સ્વીકાર કરી રાગદ્વેષ રહિત બનવા પ્રયત્ન કરીએ. આ લોકને સાચો માનીએ. એનો અર્થ તાગડધીન્ના કરીએ એવો પણ નથી. આપણે સુખી, બીજાને પણ સુખી કરીએ. આપણી શાંતિ તો બીજાને પણ શાંતિ આપીએ. જેનો આ લોક સારો તેનો પરલોક સારો જ. પવિત્ર પ્રભુમય જીવન જીવીએ તો બીજું જીવન તો સારું જ થાય ને? બીજ સારું તો અનાજ સારું જ થાય. પરલોક જેમ સર્વકાંઇ નથી તેમ આ લોક પણ સર્વકાંઇ નથી. દૃષ્ટિ તટસ્થ રાખવી. આ જીવનને મહત્ત્વ આપવું. બીજા જીવનનો વિચાર કરવો.

પ્રશ્નઃ—આ લોક સાચો ને પરલોક જૂઠો એ નાસ્તિક વિચારધારા નથી?

પૂ. શ્રીઃ—નાસ્તિક શબ્દનો અર્થ આપણે સમજતા જ નથી. કઠ ઉપનિષદ્‌માં નાસ્તિકનો પ્રયોગ આવે છે न नास्ति य इति । न अस्ति આત્મા નથી, ચૈતન્યનું અસ્તિત્ત્વ નથી એવું જે માને તે પાછળથી નાસ્તિક કહેવાયા અને પરમાત્માનું અસ્તિત્ત્વ છે, એમ માનનારા આસ્તિક કહેવાયા.

હવે લોકો કોને નાસ્તિક કહે છે? તિલક ન કરે, મંદિરમાં ન જાય, ચોટલી ન રાખે, જનોઇ ન પહેરે એને નાસ્તિક કહે છે.

હું સીમલાહીલ્સમાં એક સ્રીસંત મહાત્માને મળેલો. તેમના આશ્રમમાં સૌ તે સંત મહાત્માના ભોજનની એઠી વાનગીનો



પ્રસાદ તરીકે પ્રેમથી સ્વીકાર કરે. મેં ના પાડી. મને કહે આનાથી સ્વર્ગ મળશે. મેં કહ્યું, "હું જ્યાં બેઠો છું તે જીવનને જ સ્વર્ગ જેવું કરવું છે." એટલે તેમનું એ રીતે સમજાવવાનું શસ્ત્ર પણ નકામું ગયું. મને કહે, "આનાથી મન તરત જ શુદ્ધ થઇ જાય. જપ—તપની જરૂર ન પડે." મે કહ્યું, "મારું જેટલું શુદ્ધ થયું છે એમાં આ રીતે મારે વધારો નથી કરવો. છેવટે તે પીરસનાર ભાઈએ મને નાસ્તિક કહ્યો."

સંત મહાત્માઓનું એઠું ખાવું ને ખવડાવવું એ વ્યાપારી કે વ્યવસાયી ન બને એ પણ જોવું જરૂરી છે. એઠું ખાવું એ આસ્તિકતા નથી. આપણને પ્રભુએ સર્વશ્રેષ્ઠ દાન જો આપ્યું હોય તો તે સદ્‌બુદ્ધિનું છે. તો આપણી સદ્‌બુદ્ધિથી વિચાર કરો.

રમણમહર્ષિના આશ્રમમાં રમણમહર્ષિના એઠા પતરાળાના દાણા ભક્તો ખાતા. એ જ્યારે રમણમહર્ષિએ જાણ્યું તો ત્યારથી પોતે અશક્ત હતા છતાં પોતાની પતરાળી જાતે જ ઉંચકીને નાંખી આવતા.

યુગોમાં કોઇક ગાંધીજી જેવા સંતો આવે ને આ બધી અંધ માન્યતાઓનું ખંડન કરે.

મહાત્માના પગ ધોવામાં કલ્યાણ છે એવું માનનારા, પગ શા માટે? મહાત્માને, આખા જ લક્સ સાબુથી ધોઇ નાંખો ને! (હસાહસ થાય છે.)

"ધર્મને નામે અંધશ્રદ્ધા ચાલે છે. શુદ્ધ આચાર, શુદ્ધ વિચાર રાખો, સેવા કરો. પછી તમે મંદિરે ન જાઓ, તિલક ન કરો તો પણ તમે નાસ્તિક નથી. આવા આસ્તિકો વધે તો દેશ આગળ આવે. રૂા. ૧૫૦/– આપીને મંદિરમાં દર્શન કરે ને પોતાના જ ભાઈઓ સાથે

દુર્વ્યવહાર રાખે એનો શો અર્થ ?"

હું માણસ ઉપર લેબલ મારતો નથી, માણસમાં માણસાઈ જુઓ. તો તે માણસ જ્ઞાની, આસ્તિક, તપસ્વી બની શકે. પણ માનવ માનવ મટી જાય તો? માતૃદેવો ભવ, વાંચીએ છીએ. સંન્યાસીઓ—સાધુઓની માતાઓ ઘરે રડતી હોય છે. પિતા સેવાથી વંચિત હોય વગેરે. જ્યારે પોતે પોતાની માતાનું ધ્યાન કેવી રીતે રાખ્યું તેની વાતો પણ પૂ. શ્રીએ કરી.

આજે સાંજના સત્સંગમાં પ્રેમાનંદ સાહિત્યસભાના પ્રમુખ શ્રી હરિભાઈ દેસાઈ પણ આવ્યા છે. તેઓ પૂ. શ્રી ઉપર પ્રેમભાવ રાખે છે. માતાજીને ૧૯૩૨ થી ઓળખે છે. જેથી તેઓને પૂ. શ્રી માતાજી અંગે અંજલિ આપવાનું કહે છે.

શ્રી હરિભાઈએ કહ્યું, ૧૯૩૨ થી મારે માતાજી સાથે સંબંધ હતો. સરળ ને શાંત સ્વભાવ, દુઃખને સહન કરવું એ સ્વભાવ. તો આવા સ્વભાવવાળા માતાને કુખે જ આ મહારત્ન પાક્યું. બન્નેએ પરસ્પર એકમેકની સેવા કરી. ધન્ય બન્યાં વગેરે વાતો કરી.

પૂ. શ્રીએ ફરી નાનકડો વાર્તાલાપ આપ્યો. કહ્યું કે આવા સ્વભાવવાળા માનવોમાંથી જ મહાન વ્યક્તિત્વ ઉત્પન્ન થાય છે. ભગવાન સાથે સંબંધ બાંધવાથી જે સુખ મળે, તે સુખ દરેક જીવ ઇચ્છે છે. તે સુખ માતાજીને છેલ્લાં ત્રીસ વરસો મળ્યું. અન્તે સુખ ને સંતોષથી વિદાય થયાં. વગેરે.

વાર્તાલાપ બાદ સૌ વિદાય થયાં. અલ્પાહાર બાદ આરામ. હરિઃ ૐ

(ક્રમશઃ)



# પાથેય

શ્રી ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

આકાશની અસીમતાને માપી શકાય તો પૂ. યોગેશ્વરજી જેવા વિરલ મહાપુરુષનો પરિચય આપી શકાય! આકાશની અસીમતાને આંબી શકાય નહીં તેમ એ મહાપુરુષના વિરાટ જીવનદર્શનનો પાર પામી શકાય તેમ નથી. વિરાટનો પરિચય ન હોય તેને તો પામવાના હોય, પાત્રતા જ એક એવું એવરેસ્ટ શિખર છે કે જ્યાંથી એ વિરાટની ભવ્યતાની ઝાંખી કરી શકાય. એક બિંદુનું એવું ગજુ નથી કે તે સાગર બની શકે. પરંતુ એ સાગરમાં સમાઇ તો જરૂર શકે, તો આપણે પણ એક નાનકડું બિંદુ બની એ વિરાટ સાગરમાં સમાઇ જઇએ. એમાં ભળી જઇને એ ભવ્યતામાં ખોવાઇ જઇએ.

'પાથેય'ના પ્રસંગો આપણને આપણી નાનકડી હોડી દ્વારા એ વિરાટ મહાસાગરની યાત્રા કરાવશે. શ્રદ્ધાની ક્ષમતા તો ગાગરમાં પણ સાગર સમાવી શકે.

પૂ. યોગેશ્વરજી એવા મહાપુરુષ છે કે જેમના શ્રી ચરણકમળો ધરતીપર સ્થિર છે અને મસ્તક બ્રહ્માંડને ભેદીને અસીમમાં વિસ્તરેલું છે. આ ધરતીપરનું એક માનવ તરીકેનું તેમનું જીવનદર્શન આપણી સફરમાં પ્રેરણાનું પાથેય બનશે એમાં ક્યાં શંકાને સ્થાને છે?

એક નાનકડો પ્રસંગ જોઇએ, ૧૯૭૮ માં દક્ષિણભારતની યાત્રા ચાલી રહી છે. એક બપોરની વેળાએ એક સારી હોટેલની તપાસ કરી સૌ જમવા માટે ગયા. પૂ. શ્રી પોતાને માટે કોઇ અલગ વ્યવસ્થા કરાવતા નહીં. સૌ સાથે જ સગવડો અગવડો ભોગવી લેતા.

જમવા બેઠા તો દક્ષિણના રિવાજ મુજબ દાળ, શાકમાં ડુંગળી હતી. અમે સૌએ કહ્યું કે, "પ્રભુ! આમાં તો ડુંગળી છે. તે કેવી રીતે ચાલે?" કારણ કે ઘણાં ભોજનમાં ડુંગળી ન લેવાનું વ્રત રાખતા હોય છે. આ મહાપુરુષે પણ પોતાના અત્યાર સુધીના જીવનમાં કદાચ ડુંગળી ભોજનમાં ન પણ લીધી હોય! ડુંગળી ન ખાવાના એક નાનકડા વ્રતનું પણ આપણને અહં હોય છે અને જરા મોટે સાદે કહીએ પણ ખરા કે "મારે આ નહીં ચાલે, તે નહીં ચાલે." અમારી આ યાત્રામાં પણ એવા લોકો હતા કે તેઓને અમુક જ ચાલે અને અમુક ના ચાલે. તેમના માટે અલગ વ્યવસ્થા કરવી પડતી! પણ આ મહાપુરુષનું વર્તન તો જુઓ! તેઓ ધારત તો પોતાને માટે અલગ વ્યવસ્થાનો આગ્રહ રાખી શકત. પરંતુ તેઓ શું બોલ્યા, ખબર છે? તેઓએ કહ્યું "ડુંગળી હોય તો કંઇ વાંધો નહીં, લાવો, આજે આપણે ડુંગળીને પણ પવિત્ર કરી દઇએ." પછી તેમણે શું કર્યું? ડુંગળી બટાકાનું જે ભેગુ શાક હતું તેજ મંગાવ્યું, સાથે એક અલગ ડીશ ને પાણી મંગાવ્યાં. પછી એ ડુંગળી બટાકાના મિક્સ શાકમાંથી ચમચી-વડે બટેકાઓ ડીશમાં અલગ કાઢયાં, પછી તે બટેકાના કકડાઓને પાણીથી બરાબર ધોઇ નાખ્યા, પછી પ્રસન્નતાથી પ્રેમપૂર્વક પ્રભુનો પ્રસાદ માનીને આરોગી ગયા!

ઉતરે છે ગળે આ વાત? અરે! ઘરના ભોજનના સ્વાદમાં જરા તફાવત પડે તો આપણે તાડુકી ઉઠીએ છીએ કે મારે આ નહીં ચાલે! વળી બહાર જઇએ ત્યારે પણ મારે આ નહીં ચાલે ને તે નહીં ચાલે, તેની ચાંપલાશ છોડતા નથી. ત્યારે આ મહાપુરુષની સરળતા જુઓ! એક સાવ નાનકડા પ્રસંગમાં પણ મળે છે અહંનો અણસાર! તેઓ ધારત તો ફેરફાર કરી શકત! પણ નહીં! તેમણે જે હતું તે અપનાવી



લીધું ને પોતાની રીતે રસ્તો કાઢયો. એ દિગ્ગજ મહાપુરુષ કેવા સરસ આદર્શ માનવનો પાઠ પણ જીવનમાં ભજવે છે!

મહાપુરુષોમાં આજ મહાનતા છે. સંજોગોનો કેવો સહજ સ્વીકાર સિદ્ધિઓના સ્વામી છતાં કેવી નિર્લેપતા! અમે કંઇ વિશેષ છીએ તેવું દેખાડવાનો જરા સરખો પણ પ્રયાસ નહીં ષડૈશ્વર્યોના સ્વામી છતાં છે પોતાની જાતને અલગ તારવવાની પ્રવૃત્તિ? છે જરાપણ ઐશ્વર્યની આસક્તિ?

આપણે સંપત્તિના સ્વામી હોઇએ તો તરત જ એ સંપત્તિના મોહજાળમાં ફસાઇ જઇએ છીએ. એક સ્ટેટસ–મોભામાં બંધાઇ જઇએ છીએ. આવા જ મકાનમાં રહેવાય, મારાથી અમુક માણસો સાથે જ વાતચીત થઇ શકે, મારાથી આવા જ કપડાં પહેરાય! આવું જ ભોજન લઇ શકાય! સંપત્તિના દૂષણોનાં તરત જ શિકાર થઇ જવાય છે! પણ આ મહાપુરુષ સિદ્ધિઓના પ્રદર્શનની લવલેશ ખેવના કરતા નથી, એમનું વર્તન જ એવી સરળતા અને સાદાઇથી વિંટળાયેલું હોય છે કે તેઓ સિદ્ધપુરુષ છે તેની કલ્પના પણ કરી શકતા નથી.

આનો અર્થ એવો પણ નથી લેવાનો કે જેવું હોય તેવું ચલાવી લેવું, પણ દૈવયોગે જે મળ્યું હોય તેને શ્રેષ્ઠતમ બનાવવું, એ પરિ-સ્થિતિમાંથી શ્રેષ્ઠતમ પગદંડી કંડારીને આગળ નીકળી જવું.

'પ્રકાશના પંથે' જેમણે વાંચ્યું છે, તેઓ એ કઠિનતમ સાધનાના ઉજ્જ્વળ ઇતિહાસને જાણે છે.

એ સાધનાપંથે તેમણે જે પ્રાપ્ત કર્યું છે તે જાણીએ ત્યારે આશ્ચર્યની અવધિમાં ડૂબ્યા સિવાય રહેવાતું નથી, તેઓની સિદ્ધિ-ઓની એકાદ ઝલકને જાણીએ ત્યારે એ ડુંગળીના સ્વીકારની સિદ્ધિ

પાછળ પણ તેમણે કેવી મનની સમતુલા કેળવી છે તેનો આપણને ખ્યાલ આવે છે.

પૂ. શ્રી એકવાર પ્રભાસપાટણ ભગવાન સોમનાથના દર્શને પધાર્યા છે. સંધ્યાએ વિદાય લઇ લીધી છે. રાત્રિના પ્રથમ પ્રહરની છડી પોકારતા તારલાઓ ગગનગોખે ઝબુકવા લાગ્યા છે. પ્રભુએ સોમનાથ મંદિરના દક્ષિણદ્વારના ઓટલે આસન જમાવ્યું છે. સામે અફાટ સાગર લહેરાઇ રહ્યો છે. સોમનાથ ભગવાનની આરતીનો સમય થયો છે એટલે એક સહયાત્રીએ પ્રભુને વિનંતિ કરી કે આરતીનાં દર્શન માટે પધારો. ત્યારે તેમણે કહ્યું "જુઓને, આપણી આરતી તો નિરંતર ચાલી રહી છે ને! આ પવન આરતી ઉતારી રહ્યો છે, સમુદ્ર પણ આરતીનું જ જયગાન ગાઇ રહ્યો છે, અને આ આકાશના તારાઓ આરતીના દીપકો બનીને પ્રકાશી ઉઠયા છે, માટે હું તો આરતીનો નિરંતર આનંદ માણું છું, તમે બધા અંદર જાઓ ને આરતીનાં દર્શન કરો. હું અહીં બેઠો છું" પૂ. મા પણ સામે જ બેઠાં છે. મંદિરમાં આરતી ચાલુ થઇ ગઇ છે, એ વખતે એક સફેદ વસ્ત્રો ધારણ કરેલાં ચાલીસેક વર્ષની ઉંમરનાં એક બહેન પૂ. શ્રીને આવીને પગે લાગે છે. એ બહેન પ્રભુના સામુ જુએ છે એટલે પ્રભુએ પૂછયું, "દર્શન માટે જ પધાર્યા છો કે બીજો કંઇ હેતુ છે?" બહેને કંઇ જવાબ ન આપ્યો, હસતાં રહ્યાં, થોડીવાર દર્શન કરી મંદિરમાં વિદાય થઇ ગયાં. પૂ. માને એમ થયું કે એ બહેન મંદિરમાંથી દર્શન કરી પાછાં વળે એટલે એમનો પરિચય પૂછીએ. ઇંતેજારીપૂર્વક રાહ જોઇ, પણ દેખાયાં નહીં. આગળના દરવાજે સમારકામ ચાલતું હોવાથી આ એક જ દરવાજો આવવા ને જવા માટે હતો. હવે મંદિર લગભગ ખાલી થઇ ગયું હતું, પરંતુ પેલાં



બહેન દેખાયાં જ નહીં. અમે ત્યાંથી પૂ. મા અને પ્રભુને પગે લાગી વિદાય થતાં પ્રભુને વિનંતિ કરી કે કંઇક દિવ્ય અનુભવની પ્રસાદી આપો. ત્યારે તેમણે સહજ કહ્યું, "અત્યારે આરતી સમયે ભગવાન સોમનાથ સ્ત્રી સ્વરૂપ ધારણ કરીને દર્શન માટે પધાર્યા હતા." અમારા માટે એ પ્રત્યુતર કલ્પનાતીત હતો. આતે સ્વપ્ન કે સત્ય? આશ્ચર્ય કેમેય શમતું નહતું! અમે એ બહેનને તો સગી આંખે જોયેલાં, પરંતુ એ પોતે જ ભગવાન સોમનાથ સ્વયં હતા? જોકે અમારા માટે તો નરો વા કુંજરો વા—નો પ્રશ્ન ઉપસ્થિત થતો જ નથી, પૂ. શ્રીના શબ્દો સત્ય કે અર્ધસત્ય નહીં, પરંતુ સનાતન સત્ય છે. એમાં લેશમાત્ર શંકાને સ્થાન છે જ નહિ. જેઓને એ શ્રી ચરણકમળોમાં બેસવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું છે તેઓ જાણે છે કે પૂ. શ્રીના આત્મિક વૈભવ પાસે કશું જ અશક્ય નથી!

ક્યાં ગરીબડી ડુંગળી અને ક્યાં ભગવાન સોમનાથ? હિમાલયની તળેટીમાં પડેલી ડુંગળીનું પણ એજ માન અને કૈલાસમાંની ટોચ પર બિરાજતા ભગવાન સદાશિવનું પણ એજ સન્માન? અહીં ક્ષુદ્ર ડુંગળીનો તિરસ્કાર નથી તો ભગવાન સોમનાથના દર્શનનો આવેશભર્યો ઉન્માદ પણ નથી. બંનેનો સહજ સ્વીકાર છે.

જોયો એ મહાપુરુષનો સમત્વભરી દૃષ્ટિનો ચમત્કાર! અદ્‌ભુત વાત નથી લાગતી? આ સમતાની કેળવણી માટે મનને કેટલી આકરી તાલીમ આપી હશે એ મહાપુરુષે! समत्वं योगः उच्यते । તે આજને? આનું નામ જ સમત્વદર્શન ને?

એક જ લેબાશમાં માનવ અને મહામાનવનું પાત્ર આ મહાપુરુષ અદ્‌ભુત રીતે ભજવે છે. આભને આંબતું એમનું વ્યક્તિત્વ ધરતીને પણ એટલું જ ગૌરવ પ્રદાન કરે છે.

ચાલો ત્યારે પ્રભુપંથનું પાથેય બાંધી લઈએ ! જીવનસોપાન સર કરતાં કરતાં સિદ્ધિના શિખરે પહોંચીએ છતાં પ્રથમ સોપાન જે પાયારૂપ છે તેને કદી ન વિસરીયે. ભૌતિકતા કે આધ્યાત્મિકતાની પરમ સિદ્ધિને પામીએ છતાં માનવતાના આદરની પણ એટલી જ માવજત કરીએ. ઐશ્વર્યના તેજથી અંજાઈને કોઈ તરફ હીણપત-ભર્યો દૃષ્ટિપાત ન કરી બેસીએ !

બીજી એક વાત પણ સ્મરણમાં રાખીએ. જીવનથાળીમાં જે ગમતું અણગમતું પીરસાતું રહે તેને સહજતાથી અપનાવી લઈએ. આવેગોના ઉશ્કેરાટના શિકાર થવાને બદલે મનપર સંયમની લગામ લગાવીએ. જે સામે આવ્યું છે તેમાંથી અદ્‌ભુત સ્થિરતાથી, કુશળતાથી રસ્તો કાઢી લઈએ. અહીં ડુંગળીનો તિરસ્કાર નથી તેમ જ સ્વીકાર પણ નથી. છતાં એ મહાપુરુષનાં સંયમિત મને, વિવેકપૂર્વક, શાન્તિથી એવો સરસ રસ્તો કાઢયો કે જાણે જમવામાં કંઈ મૂંઝવણ ઊભી થઈ જ નથી !

પૂ. શ્રી યોગેશ્વરજી જેવા ઈશ્વરદર્શી મહાપુરુષના જીવનમાંથી આ સમત્વદૃષ્ટિ કે દિવ્યદર્શનની મહામૂલી મૂડીને ગાંઠે બાંધી લઈએ, સરળતા, સાદાઈ અને સંયમના સુમનોથી શોભતા અને મ્હેંકતા એ જીવનબાગથી આપણે પણ સુવાસિત થઈએ. શ્વાસમાં એ પાવન પરિમલને ભરીને તાજગી અનુભવીએ.

એ મહાપુરુષે કંડારેલા પ્રભુપંથે આપણે પણ આપણી નાનકડી પગલીઓ પાડીએ, એ પ્રભુપંથે આપણી નાનકડી પગલીઓમાં સાદાઈ, સરળતા, સંયમ અને સમતાની છાપ ઉપસાવીએ મહા-પુરુષની દીક્ષાને દીપાવીએ. એ મહાપથિકના પાથેયથી પ્રાણને પોષીએ. ■



# ભગવાન શ્રીકૃષ્ણ યોગેશ્વર શા માટે ?

પ્રા. જનાર્દન દવે

પરમ કૃપાનિધાન, સમસ્ત જગતની પરમ ચેતના સાથે એકત્વ સાધી શકેલા પરમ સદ્‌ગુરુદેવ પૂ. યોગેશ્વરજી અને પરમ વાત્સલ્યમયી પૂ. સર્વેશ્વરી મા.

આ વર્ષે ઉપક્રમ એવો ગોઠવાયેલો છે કે બે યોગેશ્વરોના પ્રાકટ્યદિન એક સાથે છે. એક તો શ્રી કૃષ્ણ પરમાત્મા અને બીજા આપણા ગુરુદેવ યોગેશ્વર ભગવાન. આ કંઈ અકસ્માત થયેલી વાત નથી કરતો. પરમાત્માની યોજના પાછળ સુનિશ્ચિતતા હોય છે. ભગવાનની ઇચ્છા પ્રમાણે ઘટનાઓ આકાર લેતી હોય છે. ઘટનાઓ પરમાત્માના નિયંત્રણવાળી હોય છે.

શ્રી કૃષ્ણ પરમાત્માનાં હજારો નામો છે તેમાં યોગેશ્વર નામનો શું મહિમા છે તેની વાત આજે કરીશું.

મહાભારતમાં બરાબર ૧૦૮ વખત શ્રી કૃષ્ણના 'યોગેશ્વર'-નામનો ઉલ્લેખ થયેલો છે અને ભગવદ્‌ગીતામાં ચાર વખત 'યોગેશ્વર' શબ્દ આવે છે.

'યોગેશ્વર' એટલે શું ? ભગવાને પોતાના માટે 'યોગેશ્વર' શબ્દની પસંદગી શા માટે કરી ? ભગવાન શ્રી કૃષ્ણ યોગેશ્વર કેવી રીતે હતા તેની વાત આજે જન્માષ્ટમીના પાવન દિને વાત કરીએ.

વેદો, ઉપનિષદો અને પાતંજલ યોગદર્શનમાં યોગના ૧૬ પ્રકારો બતાવવામાં આવ્યા છે, તે સોળેસોળ પ્રકાર શ્રી કૃષ્ણમાં જોઈ

શકાય છે.

પહેલો પ્રકાર છે ઐશ્વર્યયોગ, પરમાત્મા માટે ભગવાન શબ્દ વાપરીએ છીએ તેમાં 'ભગ' શબ્દ છે. આ ભગ એટલે ઐશ્વર્ય. છ પ્રકારનાં છે, ઐશ્વર્ય, વીર્ય, યશ, શ્રી, જ્ઞાન અને વૈરાગ્ય. આ છ ઐશ્વર્યોમાંથી કોઇ પણ એક ઐશ્વર્ય જેનામાં સંપૂર્ણપણે પ્રકટ થયેલું હોય તેને ભગવાન કહેવાય, ભગવાન પાણિની, ભગવાન શંકરાચાર્યજી, ભગવાન રામાનુજાચાર્યજી એટલા માટે કહેવાય છે કે તેઓમાં ઐશ્વર્યયોગના લક્ષણો જોઇ શકાય છે. આ છ પ્રકારના ઐશ્વર્ય જેમનામાં પ્રકટ થયેલાં હોય તે ઐશ્વર્યયુક્ત મહાપુરુષ કોઇ સામાન્ય મનુષ્ય નથી, તેનો પિંડ સામાન્યરીતે પંચભૌતિક ભલે દેખાતો હોય પણ તે સામાન્ય નથી હોતો.

ભગવાન કૃષ્ણના જીવનમાં આ ઐશ્વર્યયોગ ક્યાં ક્યાં દેખાયો તેની વાત કરીએ. શ્રી કૃષ્ણ યોગેશ્વર કેવી રીતે છે તે તેમના લીલાપ્રસંગોમાં જોઇએ. આ ઐશ્વર્યયોગ ક્યાં ક્યાં પ્રકટ થયો તેનું દર્શન કરીએ.

ભગવાન દશમસ્કંદના પૂર્વાર્ધમાં સૌ પ્રથમ કંસના કારાગૃહમાં પ્રકટ થાય છે. કંસને આ વાતની ખબર નથી કારણકે એ વખતે પરમાત્માની સર્વેશ્વરી શક્તિ યોગમાયા પણ પ્રકટ થયાં હતાં. આજે બે પ્રાકટય દિન છે, એક કૃષ્ણ પરમાત્માનો અને બીજો જગદંબાનો. ગુજરાતમાં આ જગદંબાનો પ્રાકટય દિવસ નથી મનાતો પણ બંગાળ, અને દક્ષિણભારતમાં જ્યાં જ્યાં જગદંબાના મંદિરો છે ત્યાં ત્યાં આજે ભવ્ય મહોત્સવ ઉજવાય છે.

બરાબર મધરાતે બારમાં દશમિનિટે સૌ પ્રથમ મા જગદંબા અવતર્યાં અને પછી ભગવાન કૃષ્ણ અવતર્યા. યોગમાયાના બે પ્રકાર



છે. એક સ્વરૂપ જીવને સંસારમાંથી ઉંચકીને ભગવાનની ગોદમાં બેસાડી દે છે, પરમાત્માનો સાક્ષાત્કાર કરાવી આપે તે યોગમાયા કહેવાય. બીજી એક માયા એવી છે જે જીવને સંસારમાં રમાડયા કરે, અને પરમાત્મા તરફ જવા ન દે. દુર્ગાસમશતી જેને આપણે ચંડીપાઠ કહીએ છીએ તેમાં પણ જગદંબાનાં બે સ્વરૂપો છે. મેધારઋષિ સુરથરાજા અને સમાધિવૈશ્યને કહે છે કે વિદ્યાસ્વરૂપ અને અવિદ્યાસ્વરૂપ એવા જગદંબાનાં બે સ્વરૂપો છે. જ્ઞાની માણસને પણ ભગવાન તરફ જવા ન દે અને સંસારમાં બાંધી રાખે તે અવિદ્યાસ્વરૂપ અને બીજું સ્વરૂપ જગદંબા સર્વેશ્વરીનું છે. આ સર્વેશ્વરી શબ્દ મૂળ ચંડીપાઠનો છે, અને ચંડીપાઠ માર્કેંડેયપુરાણનો છે. આ માર્કેંડેયપુરાણમાં દશ વખત સર્વેશ્વરી શબ્દનો ઉપયોગ થયેલો છે. એટલે પૂ. માએ જે નામ ધારણ કર્યું અથવા પ્રભુએ તેમને માટે જે નામ પસંદ કર્યું તે બહુ સાર્થક છે. જગદંબાનાં હજારો નામમાંથી એક નામ સર્વેશ્વરી જ પસંદ કરવામાં આવ્યું તેની પાછળ પણ મોટું રહસ્ય રહેલું છે.

ભગવાન કૃષ્ણ કારાગૃહમાં પ્રકટ થયા તે પહેલાં સર્વેશ્વરી જગદંબા પ્રકટ થઇ ગયાં હતાં. તેને કારણે સમસ્ત લોકો મોહગ્રસ્ત, નિદ્રાધીન થઇ ગયા હતા. પણ પરમાત્મા જેના પર કૃપા કરે તેને યોગમાયા બાંધી શકતી નથી, એટલે ત્રણ જણ જાગૃત છે. એક દેવકીજી, બીજા વસુદેવ અને ત્રીજા પરમાત્મા પોતે. ભગવાન પ્રકટ થયા ત્યારે દેવકીજી અને વસુદેવ જ દર્શન કરી શક્યા, જ્યારે દેવકીજીએ સ્તુતિ કરી ત્યારે ભગવાનનું બાળસ્વરૂપ પ્રકટ થયું નથી, પરંતુ ભગવાનનું ઐશ્વર્યસંપન્ન ચતુર્ભુજ સ્વરૂપ પ્રકટ થયું હતું. વૈષ્ણવશાસ્ત્રો એમ કહે છે કે ભગવાનને ગર્ભવાસ હોતો નથી. શંખ,

ચક્ર, ગદા, મુકુટ, વૈજયંતીમાલા, મકરાકૃતિ કુંડલ સહિત ચતુર્ભુજ સ્વરૂપે માતાના ગર્ભમાં આવી શકે નહી. પરમાત્માનું દિવ્ય સ્વરૂપ જે ઐશ્વર્યસંપન્ન હોય તે બહાર પ્રકટ થાય. પ્રથમ આ દિવ્ય સ્વરૂપ પ્રકટ થયું. ત્યારે દેવકીજીએ પ્રાર્થના કરી કે મારે તો આ આપનું ઐશ્વર્યયુક્ત સ્વરૂપ નહીં–પણ પુત્ર તરીકે બાળસ્વરૂપ જોઈએ છે. મારે તો આપને લાડ લડાવવા છે માટે આપનું શીશુસ્વરૂપ પ્રકટ કરો. આ ચતુર્ભુજ સ્વરૂપે પ્રકટ થયેલા પરમાત્મા એમ બતાવે છે કે દેવકીજી અને વસુદેવના પુત્ર તરીકે પ્રકટ થયેલું એ સ્વરૂપ કોઈ સામાન્ય જીવનું સ્વરૂપ નથી. પરંતુ સ્વયં સચ્ચિદાનંદ સ્વરૂપ પરમાત્મા અને સંપૂર્ણ ઐશ્વર્યમુક્ત ભગવાન છે.

બીજો પ્રસંગ ભાગવતમાં શકટાસુર ભંજનમાં બતાવ્યો છે. સામાન્યરીતે ગોકુલમાં ગોપીઓનો કાર્યક્રમ એવો હતો કે સવારમાં ઉઠે, વાસીદું કરે તે વાડામાં નાખવા જાય, દધિમંથન કરી, રોટલા તૈયાર કરી તેમના પતિ ગાયોને વાછરડા ચરાવવા જાય તેને આપે. પરંતુ શ્રી કૃષ્ણ પ્રકટ થયા પછી આ કાર્યક્રમમાં ફેરફાર થઈ ગયો. બધી ગોપીઓ સવારમાં ચાર વાગ્યે ઉઠે, સ્નાન કરી મંગલ શણગાર કરે અને નંદભવનમાં દોડતી આવીને ટોળે મળે. જશોદા કહે તમે બધી વહેલી ઉઠીને આવો તો મારો લાલો જાગી જાય. તમે તો દર્શન કરીને ઘરે ચાલી જાઓ પણ પછી અમને મુશ્કેલી પડે. સદ્‌ગુરુ કે ભગવાનની ભક્તિ કેમ કરવી તે અહીં ગોપીઓએ બતાવ્યું છે, ગોપીઓએ કહ્યું, અમે અવાજ નહી કરીએ, શાંતિથી વાતો કરીશું, ગોપીઓ કેવી વાતો કરે છે? સાધારણ વાતો નહીં. છાપાની વાતો નહીં, કંસની વાતો નહી પણ લાલાના શ્રી વિગ્રહના દર્શનની વાતો કરે છે. એક ગોપી કહે મને તો લાલાના શ્રી અંગના ચરણોના દર્શન



બહુ ગમે, બીજી કહે મને તો લાલાની ભ્રકુટી બહુ ગમે, ત્રીજી કહે મને તો નાસિકા અને અધર બહુ ગમે. આમ ગોપીઓ બાલ-સ્વરૂપના દર્શનમાં બધુ જ ભૂલીને ખોવાય જાય છે. તો આ સ્વરૂપ દર્શન પણ યોગ છે. જે કોઈ સાધન ભજન કરી શકતા નથી એવી ગોપીઓ અને ગોપબાળકો માટે ભગવાનનો આ કૃપાવતાર છે. શ્રી કૃષ્ણનું આ કૃપા ઐશ્વર્ય છે. પોતાના લાડીલા ભક્તો માટે ભગવાનનો આ કૃપાયોગ છે. ગોપીઓને કંઈ સંધ્યાવંદન, યોગ કે પ્રાણાયામ આવડતાં નથી પણ શ્રી કૃષ્ણના મુખારવિંદના દર્શન કર્યા પછી, એ ચરણારવિંદના દર્શન કર્યા પછી આ ગોપીઓ દેહ અને ગેહ બંને ભૂલી જાય છે. તો આ પરમાત્માનો માધુર્યયોગ છે.

મહર્ષિ પતંજલિએ યોગમાંના ધારણા પ્રકરણમાં બતાવ્યું છે કે ધારણા એટલે મનનો લય કરવો તે અને સર્વાંગનું ચિંતન કરવું એનું નામ ધ્યાન. શ્રી કૃષ્ણ એટલા તો મધુરાધિપતિ છે કે તેનું દર્શન કરતાં કરતાં ગોપીઓ દેહ ને સંસારને વિસરી જાય છે.

આજે લાલાને ત્રણ માસ પુરા થયા છે. લાલાના જન્મ દિવસે નંદભવનમાં મહોત્સવ થાય છે. ગોપીઓ પુષ્કળ ભેટો લાલા માટે લાવી છે. ઘરમાં ક્યાંય જગ્યા નથી એટલે બધું બહાર કાઢયું છે. બહાર ગાડું પડયું છે તેના પર, માખણ ગોરસની માટલીઓ મૂકી દીધી છે. લાલાને સૂવાનું પારણું હતું તે પણ સંકેલીને મૂકી દીધું છે. ઠાકોરજી વિચાર કરવા લાગ્યા કે ગોપીઓ તો મારી ભક્તો છે, તેનો આ ઘરમાં સત્કાર થાય, આદર થાય તેતો મને બહુ ગમે. એટલે જ્યાંસુધી હું જાગતો હઈશ ત્યાંસુધી મા મારી ઉપર જ ધ્યાન આપશે, આ ગોપીઓની સંભાળ નહી લે. એટલે કૃપાવશ ભગવાન સૂઈ ગયા. જશોદાને થયું કે હવે લાલાને સુવડાવું ક્યાં? ઘોડીયું તો

છોડી નાખ્યું હતું. બહાર એક મોટું ગાડુ પડયું હતું તે ગાડાની નીચે ખોયું બાંધી ભગવાનને સુવાડયા. બે કલાક પછી ભગવાન જાગ્યા, રડયા પણ ઘરમાં કોઇ સાંભળતું નથી, એટલે ભગવાને પોતાના ચરણારવિંદનો અગ્રભાગ ગાડાને અડકાડયો, એ સાથે જ આખું ગાડુ ઊંધુ પડી ગયું. શ્રી કૃષ્ણ પણ ધૂળમાં ફેંકાય ગયા. માટલાં ઢોળાય ગયાં.

વૃંદાવનના આચાર્યો આનો સરસ અર્થ કરે છે. ગાડુ એટલે આપણું જીવન, આ જીવનગાડામાં શ્રી કૃષ્ણને ઉપર રાખવા છે કે નીચે તે નક્કી કરી લેવું જોઇએ, જો શ્રી કૃષ્ણ આપણા જીવનમાં મુખ્ય હોય, યોગેશ્વર આપણા જીવનમાં મુખ્ય હોય તો ગોરસ વગેરે ઉપર મૂકી શકાય નહીં. એને જુદા મૂકવાં જોઇએ. ભગવાન કહે છે કે આવા ગાડાને હું માન્ય રાખતો નથી. તેને મારા ચરણની એક લાત મારી તેવા જીવનગાડાને ઊંધુ વાળી દઉં છું.

આ શકટાસુર ભંજન લીલાદ્વારા ભગવાન ત્રણ માસના બાળક હોવા છતાં આખું ગાડું ઊંધુ વાળી દીધું અને એમ બતાવ્યું કે હું સામાન્ય નર બાળક નથી પણ ઐશ્વર્યસંપન્ન પરમાત્મા છું.

ત્રીજા પ્રસંગમાં શ્રી કૃષ્ણ કાલીયની ફણાપર નૃત્ય કરે છે. બીજા કોઇ સાધારણ જીવ આ ન કરી શકે. ધેનુકાસુરને માર્યો, તૃણાવ્રતને માર્યો, પુતના અને શકટાસુરને પણ માર્યા પણ કાલીયને માર્યો નથી, તેના ફણા પર નૃત્ય કર્યું છે. ભગવાનના પાદપ્રહારથી બધું જ વિષ ઓકતો ગયો અને તેની જગ્યાએ ભગવાનના ચરણારવિંદનું અમૃત ભરાતું ગયું.

વૃંદાવનના સંતોએ આનો સુંદર અર્થ કર્યો છે. આજથી પાંચ હજાર વર્ષ પહેલાં ભક્તિમાર્ગ દુષિત થઇ ગયો હતો. યમુના કિનારો



એટલે ભક્તિમાર્ગ, આ ભક્તિમાર્ગમાં બકાસુરો એટલે દંભ આવી ગયો હતો, તેમના જીવનધરામાં ભોગવાસનારૂપી–ઇંદ્રિયોના ભોગરૂપી કાલીય સર્પ આવી ગયો હતો. આ કાલીય સર્પ એટલે ઇંદ્રિયો. શ્રી શંકરાચાર્યજીએ પ્રશ્નોત્તરમાલિકા સ્તોત્ર લખ્યું છે. તેમાં શિષ્યે સુંદર સવાલ પૂછયો છે विषाद विषम् किम् । વિષોમાં સૌથી મોટું વિષ કયું ? શ્રી શંકરાચાર્યજી જવાબ આપે છે विषया समस्ता । જેટલા જેટલા વિષયો છે તે વિષ છે. પાંચ જ્ઞાનેન્દ્રિયોના વિષયો એજ ઝેર છે.

શબ્દ, સ્પર્શ, ગંધ, રૂપ અને રસ એજ સાચુ ઝેર છે. આ ફક્ત એક જ કાલીયની વાત નથી, આપણી સૌની ઇંદ્રિયોમાં કાલીય સર્પરૂપે વસેલી ભોગવાસનાની આ વાત છે. ભોગના પ્રભાવમાંથી પાછા વળવું એટલે શું ? આંખો ફોડી નાખવાની, કાનોમાં ખીલા મારી દેવા, ઇંદ્રિયોનો નિગ્રહ કરવો એટલે ઇંદ્રિયોને બાડી, બોબડી કરી નાખવી ? પરંતુ એમ નહીં. ઇંદ્રિયોમાં રહેલું ભોગાસક્તિનું વિષ કાઢી નાખી, તેમાં ભગવાનના ચરણામૃતનું અમૃત, ભગવાનના ધ્યાન અને સ્મરણનું અમૃત ઇંદ્રિયોમાં ભરવાનું છે. રૂપ જોવાની ઇચ્છા થાય તો ભગવાનને સામગ્રી ધરી પછી પ્રસાદ તરીકે તેનો અંગીકાર કરવો. એમાં ભોગભાવ નહીં પરંતુ ભક્તિભાવ હોવો જોઇએ. શ્રી કૃષ્ણે આમ કાલીયની ફણાપર નૃત્ય કરીને, ઇંદ્રિયોનું ભોગાસક્તિનું વિષ કાઢી તે જગ્યાએ પ્રભુપ્રેમનું અમૃત ભરી આપ્યું. કાલીયની ફણાપર નૃત્ય કરી એટલે ઇંદ્રિયોનો સંપૂર્ણ નિગ્રહ કરી ભગવાને હું યોગેશ્વર છું તે સિદ્ધ કરી આપ્યું.

ચોથી વાતમાં ભગવાનનું યોગેશ્વર સ્વરૂપ ગોવર્ધનલીલામાં પ્રકટ થાય છે. આપણા ભાગવતના કથાકારો આ સ્પષ્ટ નથી કરતા.

શ્રીમદ્‌ભાગવતમાં શ્રી શુકદેવે બે વર્ણનો કર્યાં છે. એકમાં જ્યારે ભગવાને ગિરિરાજને ધારણ કર્યો ત્યારે બહાર સુદર્શનચક્ર ફરતું હતું, આ સુદર્શનચક્રના ફરવાને કારણે વૃંદાવનનું એક પણ વૃક્ષ કે કોઈપણ મકાનની ઈંટ પણ પડી નથી. બહાર બધાનાં ઘર સલામત હતાં. તો તમારે મને એક પ્રશ્ન પૂછવો જોઈએ કે સુદર્શનચક્રથી ભગવાન સૌનું રક્ષણ કરી શક્યા તો પછી ગિરિરાજની તળેટીમાં શા માટે સૌને લઈ ગયા? ગિરિરાજજીને સાત દિવસ અને સાત રાત સુધી કરાંગુલીપર શા માટે ધારણ કર્યો? ખરી વાત એ છે કે ગાયો, વાછરડાં, ગોપીઓ કે ગોપબાલકોને બચાવવા માટે ભગવાને ગિરિરાજને ધારણ નથી કર્યો. પરંતુ શ્રુતિઓએ જે વર્ણન કર્યું છે. તે ભગવાનનું रसो वै सः, रसम् लब्धवा आनंदी भवति એવું સચ્ચિદાનંદ રસસ્વરૂપ છે. તેનો સાત દિવસ અને સાત રાત્રિ સુધી અનુભવ કરાવ્યો! આ રસસ્વરૂપનું દર્શન કરાવવા ગિરિરાજને ધારણ કર્યો હતો, વરસાદથી રક્ષવા માટે નહિં. વરસાદથી રક્ષવા તો સુદર્શનચક્ર ફરતું હતું અને તેથી વૃંદાવનની સંપૂર્ણ રક્ષા થઈ હતી. આ સાત દિવસ સુધી તો ભગવાનના રસસ્વરૂપમાંથી અમૃતવર્ષા થતી રહી, અમૃતની હેલી વરસતી રહી. આને લીધે સાત દિવસસુધી કોઈને રાત્રિ કે દિવસની ખબર પડી નથી, નિદ્રા કે જાગૃતિનું ભાન રહ્યું નથી. જ્યાં હતા ત્યાં ને ત્યાં અખંડ સમાધિ સાતદિવસ સુધી લાગી ગઈ. સૌ ક્ષુધાતૃષાને પણ વિસરી ગયા છે, સૌને દેહ અને ગેહ ભૂલાવી દીધાં, અને આ કોણ કરી શકે? તેજ કરી શકે જે યોગેશ્વર શક્તિથી સંપન્ન હોય!

આપણા કૃપાનિધાન ગુરુદેવ પોતાના કર્મોનો ક્ષય કરવા આ પૃથ્વીપર આવ્યા ન હતા. પણ બધા ઐશ્વર્યોને લઈને પધાર્યા હતા,



તેઓ જ્યાં જ્યાં ગયા, પછી કપુરા, કનેડા, લંડન કે ભાવનગર શ્રી નારાયણભાઈને ઘેર, સૌ સંસારના લોકોને સમાધિનું સુખ આપ્યું. જ્યાં એક દિવસ, ત્રણ દિવસ કે સાત દિવસ રહ્યા ત્યાં સૌને દેહને ગેહ ભૂલાવી દીધા. આ દેહ અને ગેહ ભૂલાવવાની તાકાત એ કોઈ સાધારણ માણસમાં નથી હોતી, જે પરમાત્માનું ઐશ્વર્ય લઈને આવ્યા હોય, યૌગિકશક્તિ લઈને આવ્યા હોય તેજ કરી શકે. આ પણ યોગેશ્વર હતા. ભ્રમિત કે મોહિત કરી દેવા માટે નહોતા આવ્યા પણ યોગાય એટલે પ્રભુ સાથે, મા સર્વેશ્વરી સાથે જોડવા માટે આવ્યા હતા, માની ગોદમાં બેસાડવા માટે આવ્યા હતા. આ યોગેશ્વર શક્તિ છે, તેમનો અવતાર આ માટે જ હતો.

ગિરિરાજ ધારણ કરવાનું પ્રયોજન ખાલી વરસાદથી રક્ષણ કરવા માટે જ નથી, જે ભગવાન સંકલ્પમાત્રથી ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરી શકે તે ભગવાનને વરસાદથી રક્ષવા માટે ગિરિ-રાજજીને ધારણ કરવા પડે એ બની શકે નહી.

શ્રીધર સ્વામી ભાગવતના સર્વોચ્ચ મૂર્ધન્ય ટીકાકાર, એમણે સરસ અર્થ કર્યો છે. ગોવર્ધન લીલાએ સર્વોદય લીલા છે. આ સર્વોદય શબ્દ સૌ પ્રથમ શ્રીધર સ્વામીએ આપ્યો છે. આ સર્વોદય લીલામાં ભગવાને સૌને એક સરખો આનંદ આપ્યો છે, પછી તે ભગવાનના સખા શ્રીદામા હોય, ગોવાળ ગોપી કે નંદબાવા હોય, બધાને એક સરખી સાત દિવસ સુધી આનંદ વહેંચણી કરી, ત્યાં કોઈ ભેદભાવ નથી. બધું જ ભૂલાવી સૌને સરખી રીતે દિવ્યાનંદમાં તરબોળ કરી દીધા! આ શક્તિ જેનામાં હોય તેને જ યોગેશ્વર કૃષ્ણ કહેવાય!

(અપૂર્ણ)

# ગુજરાતની જનતાને
# નૂતન વર્ષના અભિનંદન

**મુખ્ય મંત્રીશ્રી ચીમનભાઇ પટેલ**
**અને**
**મંત્રી મંડળના સભ્યો**
**ગુજરાતના તમામ પ્રજાજનોને દીપાવલી પર્વની**
**શુભકામના અને**
**સંવત ૨૦૪૭ ના નૂતન વર્ષાભિનંદન પાઠવે છે.**
**ગુજરાતની અસ્મિતાને પુનઃ પ્રસ્થાપિત કરવા**
**અને**
**"નયા ગુજરાત" ના નિર્માણની મંગલયાત્રામાં**
**દીપાવલી–પર્વનો આ અવસર આપણો**
**ધ્રુવતારક બની રહો.**



# મારા ગુરુદેવ (૪)

નારાયણ હ. જાની

પૂ. શ્રી યોગેશ્વરજીનો રોજનો કાર્યક્રમ હેન્ગીંગ ગાર્ડન જવાનો ચાલુ રહ્યો હતો. વળી પહેલાં કરતાં પણ તે હવે સાવ નજીક હતો એટલે ત્યાં જવું તેઓને માટે વધુ સુગમ બન્યું હતું. ત્યાં ચિંતન–મનન ને વાંચનમાં તેઓ બેત્રણ કલાક વીતાવી, બોર્ડીંગમાં આવી, જમી કોલેજ જતા. સાંજે કોલેજથી નીકળી સીધા ચૌપાટી કે નરિમાન પોઇન્ટ જતા. અથવા તો બોર્ડીંગમાં આવી, ઇતર વાંચન કરતા. જમ્યા પછી પ્રાર્થના વગેરે કરી, વહેલા સૂઇ જવાનો તેઓનો કાર્યક્રમ હતો. મધ્યરાત્રિ પછી તેઓ ઊઠી જતા અને જ્યારે અન્ય લોકો મીઠી નિદ્રાનું સુખ માણી રહ્યા હોય ત્યારે તેઓ બાગમાં ખુલ્લામાં વૃક્ષ નીચે ધ્યાનમાં બેસી જતા. તેમની આ ટેવ કેટલાક વિદ્યાર્થીઓને ન ગમતી. કેટલાક તેઓ વહેલા સૂતા એથી ઉંઘણસી માનતા, જ્યારે બીજા કેટલાક વિચિત્ર ગણતા. જે વિષયમાં બીજાઓને રસ પડતો, તેમાં તેઓ ઉદાસીન જણાતા, જ્યારે આત્મિક બાબતો જેવી કે ધ્યાન ચિંતન મનન વગેરેમાં અન્ય લોકો ઉદાસીન જણાતા, ત્યારે તેઓને તેમાં પ્રીતિ થતી, રસ પડતો.

या निशा सर्वभूतानाम् तस्यां जाग्रर्ति संयमी ।
यस्यां जाग्रति भूतानि, सा निशा पश्यतो मुनेः ॥

સ્થિતપ્રજ્ઞનું લક્ષણ ગીતાના બીજા અધ્યાયના ઉપરના શ્લોકમાં વર્ણવેલ તેમના સંબંધમાં અક્ષરસહ સાચું જણાતું.

વધુ પડતી આત્માભિમુખ વૃત્તિના પરિણામે, તેઓની કોલેજ-ના અભ્યાસ પ્રત્યેની અભિરૂચિ ઘટતી જણાતી હતી. કેવળ નોકરી-ની જ લાયકાતની કેળવણી આપતા અભ્યાસ પ્રત્યે, તેમ જ સ્વામી શ્રી વિવેકાનંદ રામતીર્થ વગેરેનાં લખાણોના વાચનોને પરિણામે—તે વખતના કોલેજના અભ્યાસક્રમ પ્રત્યે, તેમનામાં ઉદાસીનતા ને કંઇક અંશે અણગમો પણ જણાવા માંડયો હતો.

ચારિત્ર્ય ઘડતરના અભાવવાળા ને નૈતિક મૂલ્યોના સમાવેશ વિનાના અભ્યાસની આવશ્યકતા, આત્મિક વિકાસના માર્ગમાં નહિવત્ હોવાનું તેઓને પ્રતીત થયું હતું.

અત્રે એ નોંધવું જરૂરી છે કે કોલેજમાં આવ્યા પછી પણ તેઓની લખવાની પ્રવૃત્તિ એકધારી ઝરી રહેલી. હવે તે કંઇક અંશે ગંભીર વિષયો ઉપર લખતા. ગીતાના સોળમા અધ્યાયની દૈવી સંપત્તિ કે 'અભયં સત્વસંશુદ્ધિ' જેવા વિષયો ઉપર તેઓના લખેલા ચિંતનાત્મક લેખો, વગેરે વાંચ્યાનું મને આજે પણ યાદ છે.

## અમારાં લગ્ન–પ્રસંગે આશીર્વચન

પહેલાં તો શ્રી યોગેશ્વરજીની ઇચ્છા પ્રિવિયસની પરીક્ષા બહારના વિદ્યાર્થી તરીકે આપવાની હતી. એટલે નાપાસ થયા પછી તેઓ જી. ટી. બોર્ડીંગમાં ગયા નહિ, પરંતુ વડોદરા મામાને ત્યાં રહી, પરીક્ષા આપવા મુંબઇ આવવું એમ વિચારેલું. પરંતુ પાછળથી એમનો વિચાર પરીક્ષા આપવાનો થયો નહિ, કારણ કે વડોદરાના નિવાસ દરમ્યાન તેમની વ્યક્તિગત સાધના વધુ પ્રબળ બની. તેઓ વધુ ને વધુ અંતરમુખ થતા ગયા. પરિણામે ભૌતિક પ્રગતિ તરફનો એમનો અભિગમ બદલાયો ને તે તેઓને બધું છોડીને ઈશ્વર માટે સર્વ સમર્પણ કરવાની કક્ષા સુધી દોરી ગયો.



૧૯૪૦ માં મારા વેવિશાળનો પ્રશ્ન ઉપસ્થિત થયો. તે વખતે તો એક અંતરંગ મિત્ર તરીકે મેં તેઓની સલાહ પૂછેલી. તેઓ મારાં ભાવિ પત્નીને ઓળખતા કારણ કે અમે મુંબઇમાં જે મકાનમાં રહેતા હતા તે મકાનના બીજા માળ ઉપરજ મારા ભાવિ સસરા પણ રહેતા હતા. તેમની પુત્રીનું નામ સરસ્વતી હતું અને તે તેમની સ્વર્ગસ્થ પ્રથમ પત્નીની એકની એક બાળક હતી. શ્રી યોગેશ્વરજી અમારા ઘરે આવતા ત્યારે તે એમને મળેલી ને તેમને મુખે એણે તેઓની સ્વરચિત કેટલીક કાવ્ય રચનાઓ પણ સાંભળેલી. તે એમને આજ સુધી યાદ રહી છે. એક કાવ્યની પંક્તિ આવી હતી:–

"તારલિયા એક એક બેઠા અંબોડલે
મોઢે ચાંદલિયાનું નૂર,
ચાલી ક્યાં દેવીશી દૂર.."

આમ શ્રી યોગેશ્વરજીની કૃપાથી અમારો લગ્નસંબંધ એવા પાત્ર સાથે જોડાતો હતો કે જે એમને પહેલેથી જ ઓળખતું હતું. ને ભવિષ્યમાં ઘણા બધા દિવસો સુધી એના હાથની પ્રેમપૂર્વક બનાવેલી રસોઇ એઓને જમાડવાનું, એમની સાધનાને થોડી ઘણી પણ સમજવાનું સૌભાગ્ય એમને પ્રાપ્ત થવાનું હતું.

લગ્ન પહેલાં મેં એમને પૂછેલા અભિપ્રાયમાં જણાવ્યું હતું કે તમારે માટે લગ્ન કરવું સારું છે. છોકરી મા વિનાની ને અતિ નરમ સ્વભાવની છે. તમે લગ્ન કરશો તોપણ તમે બીજાઓની જેમ સંસારમાં ડૂબી નહિ જાઓ. લગ્ન તમારી આધ્યત્મિક પ્રગતિમાં બાધક નહિ બને.

આના અનુસંધાનમાં જ ૧૯૪૧ ના ફેબ્રુઆરિની ૬ ઠ્ઠી તારીખે થયેલા અમારા લગ્ન પ્રસંગે આશીર્વાદનું એક સોનેટ કાવ્ય અમને

લખી મોકલાવેલું. તે આખું તો અમારી પાસે સચવાયું નથી, પરંતુ તેની થોડીક પંક્તિઓ તે વખતે અમને મોઢે થઇ ગયેલી, તે કેટલી બધી લગ્ન જીવનમાં ૫૦ વર્ષો પછી યથાર્થ નીવડી છે. તેની સુખદ અનુભૂતિ અમે આજે કરી રહ્યા છીએ. આ રહી એની પ્રથમની બે પંક્તિઓ:–

"આશીષ આપુ પ્રભુતા પ્રકટેલ પ્રાણો
સંસાર સ્વર્ગ સમ દિવ્ય બનો તમારો."

પછીની બીજી પંક્તિઓ કંઇક આવી હતી:–

"એક એકના શ્વસનમાં અમ શ્વાસ માણી,
જીવીશું ભેદ સઘળો સુખથી વિસારી."

તે વખતે મને કલ્પના પણ ન હતી કે આ આશીર્વાદનું મૂલ્ય કેટલું બધું મોટું છે! અને અમારા ભાવિ જીવનને સુખ, શાંતિ ને આત્મિક કલ્યાણને માર્ગે દોરી જવાની કેટલી બધી ક્ષમતા એમાં સમાયેલી છે. એમ કહું કે અમારો સંસાર ખરેખર સ્વર્ગ સમ દિવ્ય બન્યો છે, તો તેમાં જરીય અતિશયોક્તિ નથી.

તે દિવસોમાં પણ મારી જગતંબાની ઉપાસના, પ્રાર્થના અશ્રુઓના અર્ધ્યથી ભરેલી ચાલુ જ હતી. લગ્ન પછી અમે બન્ને મારા ગામનાં કુળદેવીનાં દર્શને ગયેલાં. ત્યાં દર્શન કરતાં મને એવો તીવ્રતમ ભાવ થઇ આવેલો કે હે મા, મેં લગ્ન તો કર્યું છે, પરંતુ આ સંસારના કૂવામાં હું ડૂબી ન જાઉં તે જોજે. મને ઉગારજે, મારી રક્ષા કરજે. "મારાથી એવી પ્રાર્થના કરતાં કરતાં સતત એકાદ કલાક સુધી રૂદન થઇ ગયેલું. મારી સાથે આવનાર મારાં ભાભી અને મારાં પત્નીને થયેલું કે હું આટલું બધું શું કામ રડતો હોઇશ?"

પરંતુ મારા હૃદયના ભાવ હું એમની સમક્ષ શી રીતે દર્શાવી



શકું? તેઓ સમજવાનાં પણ શી રીતે? મારું લગ્ન થયું ત્યારે હું ઇન્ટરમાં ભણતો હતો. અમારા વખતમાં એ યુનિવર્સિટીની પરીક્ષા હતી. એટલે તેની પ્રિલીમ પરીક્ષા આપી હું લગ્ન કરવા આવેલ ને માત્ર લગ્ન પછી ચોથા દિવસે જ ગામથી મુંબઇ જવા રવાના થઇ ગયેલ.

એ વખતે પૂ. યોગેશ્વરજી પ્રત્યેનું મને ખેંચાણ ઘણું રહેતું એટલે લગ્ન કરીને મુંબઇ જતાં પહેલાં હું વડોદરા ઉતરી ગયો. રાત્રે ૧૨ વાગે એક ઘોડાગાડીવાળો લોહાણ બોર્ડીંગમાં લઇ ગયો ને મને તેમનો મેળાપ થતાં ખૂબ આનંદ થયો. જે કાતરિયામાં ભગવાન બુદ્ધિનું દિવ્ય દર્શન ખુલ્લી આંખે તેઓને થયેલું, ત્યાંજ હું તેઓની સાથે રાતે સૂઇ ગયો. અહીં તેઓની દિનચર્યા કેવી હતી તે મેં પ્રત્યક્ષ નિહાળી.

## વડોદરાની દિનચર્યા

હું વડોદરામાં એક રાત ને એક આખો દિવસ શ્રી યોગેશ્વરજી સાથે રહેલો અહીં એમનું જીવન ને દિનચર્યા કેવાં હતાં તે મને પ્રત્યક્ષ નિહાળવાનું મળ્યું.

તેઓ સવારે ચાર વાગે ઉઠતા ને ધ્યાનમાં બેસતા. કલાકેક પછી સ્નાનવિધિથી પરવારી, કામાટી બાગમાં ચાલ્યા જતા. તે વખતે શિયાળો હતો, પરંતુ તેઓ ઠંડા પાણીથી જ સ્નાન કરતા. તે દિવસે તેમણે મને પણ પાંચ વાગે જગાડયો અને છ વાગતાં પહેલાં તો, ઘરનાં બીજાંઓ હજી ઉઠે તે પહેલાં અમે બગીચામાં પહોંચી ગયા. ઉગતા સૂર્યની સામે બેસી અમે કલાકેક ધ્યાન કર્યું, તેઓએ થોડાં આસનો કર્યાં ને પછી અમે અભ્યાસની અને મારા લગ્નની વાતો કરી. વળી મુંબઇ છોડયા પછી એમણે સાધના ક્ષેત્રે કેવી પ્રગતિ કરી

છે વગેરે તેમણે જણાવ્યું. બગીચામાં અમે થોડું ફર્યા, કારણ કે હું પહેલીવાર જ વડોદરા આવેલો. એથી દસેક વાગે અમે ફરી પાછા ઘેરે પહોંચ્યા. જમીને બારેક વાગ્યા સુધી રોકાયા ને તે પછી પાછા અમે બગીચામાં આવી ગયા. ઘાસની લોન ઉપર વૃક્ષ નીચે આડા પડીને અમે પરસ્પર અભ્યાસની અને કવિકાન્તની કવિતાની ચર્ચા કરી, કારણ કે થોડા દિવસોમાં જ મારે એની પરીક્ષા દેવાની હતી.

એમણે મને કવિકાન્તનાં શ્રેષ્ઠ ગણાતાં કાવ્યો જેવાં કે 'વસંત વિજય', 'ચક્રવાક મિથુન', 'દેવયાની' વગેરેનું રસદર્શન કેમ કરવું તે સમજાવ્યું. એને લીધે ગુજરાતીના વિષયમાં યુનિવર્સિટીમાં મને ૭૫ ટકા ઉપર માર્કસ આવેલા, જે તે દિવસોમાં વિરલ ગણાતા.

લગ્ન પછી તુરત જ શ્રી યોગેશ્વરજી પાસે લઇ જવામાં પ્રભુનો શું સંકેત હશે તે તો હું ન સમજી શકેલો, પરંતુ લગ્નજીવન આદર્શરૂપ શી રીતે બને તે અંગેની સમજ પૂરી પાડવામાં તેઓની સહાય મને પાછલા દિવસોમાં ઉપયોગી થઇ, એમ સ્વીકારવું પડે.

બપોર પછી અમે વડોદરામાં તે વખતે ચાલતા યોગાશ્રમમાં ગયેલા. તેના મુખ્ય સંચાલક સ્વામી શ્રી જીવનતીર્થ હતા. તેઓ વજ્રોલી સુદ્ધાંની ષટ્ક્રિયાઓ જાણતા. શ્રી યોગેશ્વરજી એ યોગાશ્રમમાં યોગની પ્રાણાયામ, આસનો ને નેતિધોતી જેવી ક્રિયાઓ શીખતા. જો કે મુંબઇમાં યોગી શ્રી અમરનાથજીના યોગાશ્રમમાં તેઓએ આમાંની કેટલીક ક્રિયાઓનો અભ્યાસ કરેલો. શ્રી અમરનાથજી ગૃહસ્થી હતા અને એક ગૃહસ્થની જેમ જ એક બ્લોકમાં રહેતા. તેઓને યોગિક ક્રિયાઓનું સારું જ્ઞાન હતું. એટલે આ ક્રિયાઓની ટેકનીક સારી રીતે બતાવી શકતા.

શ્રી યોગેશ્વરજીને વજ્રોલીની ક્રિયા શીખવાની ઇચ્છા હતી.



એટલે વડોદરાના યોગાશ્રમમાં તેઓ જવા લાગ્યા. પરંતુ ત્યાંના મુખ્ય સંચાલક આવી ઘણી ક્રિયાઓ જાણ્યા પછી એક યુવતી સાથે ચાલ્યા જતાં શ્રી યોગેશ્વરજીને વિચારતા કરી મૂકેલા. વિચારતાં એમને જણાયું કે કેવળ સ્થૂલક્રિયાઓ માણસને ઉર્ધ્વરેતસ્ કરવામાં અમુક અંશે જ સહાયરૂપ બને. બાકી તો જ્યાં સુધી મન પવિત્ર ને શુદ્ધ ન થાય, ત્યાં સુધી આત્મિક સાધનોની પ્રગતિમાં આવી ક્રિયાઓ બહુ સહાયરૂપ ન બની શકે. એટલે એમના જીવનનો ઝોક મનની સુધારણા અને પવિત્રીકરણ તરફ વળ્યો. આ ક્ષેત્રમાં એમને જલ્દી સફળતા મળી, કારણ કે તેઓ દરરોજ રાતે રોજનીશી લખતી વખતે પોતાની દિવસ દરમ્યાનની પ્રત્યેક કૃતિ ઉપર વિચાર કરી લેતા અને પોતામાં ક્યાંક તો નબળાઇ પ્રવેશી જતી નથી તેનું અવલોકન કરી જતા. એટલું જ નહિ એવું કંઇક જણાય તો તે દૂર કરવા પ્રયત્નશીલ બની જતા પાછળથી એ કહેતા, કે મારી આત્મિક સાધનાની પ્રગતિમાં—રોજ રાત્રે દિનચર્યાને અવલોકી જવાની મારી ટેવે ઘણો મોટો ફાળો આપ્યો છે. એનાથી અમારી જીવનશુદ્ધિ સંપૂર્ણ બની છે ને અમારા લક્ષ્ય પ્રત્યેની, અમારી પ્રગતિ પ્રત્યે અમારી સતત નજર રહેતી.

પૂ. શ્રી સાથે એક બહેનને ત્યાં પણ અમે ગયેલા. તે બહેન યોગાશ્રમમાં આવતાં અને શ્રી યોગેશ્વરજી પ્રત્યે સારો ભાવ રાખતાં. તેઓ ખાદીધારી હતાં, ઉમ્મર મોટી હતી પરંતુ ભારે જીજ્ઞાસુ હતાં. શ્રી યોગેશ્વરજી પ્રત્યે એમનો વાત્સલ્યભાવ છતો થતો હતો. અમને એમણે મૂઠીયાં બનાવી નાસ્તો કરાવ્યાનું મને સ્મરણ છે.

તે દિવસે મુંબઇ જવા રવાના થતાં પહેલાં અમે બન્ને શ્રી સી. વી. રામન—ભારતના મહાન વિજ્ઞાનીનું પ્રવચન સાંભળવા યુનિ-

ર્સિટીના હોલમાં ગયેલા. મને તો તેઓના અંગ્રેજી પ્રવચનમાં કંઇ ખાસ સમજાયેલું નહિ. ફક્ત એમને પ્રત્યક્ષ જોવાનો આનંદ અમને બન્નેને મળેલો.

ત્યાંથી સીધા મને ગાડી ઉપર બેસાડવા શ્રી યોગેશ્વરજી આવેલા.

મને યાદ છે ત્યાં સુધી તેઓ એ વખતે એકવાર જ ભોજન કરતા, એટલે મામાના ઘરમાં રહેવા છતાં એકવાર ખાવા ને સૂવા પૂરતા જ જતા. બાકીનો એમનો મોટાભાગનો સમય કામટીબાગના બગીચાના નિસર્ગને ખોળે જ વીતતો. આત્મચિંતન, ધ્યાન, જપ ને સારાં પુસ્તકોનું અધ્યયન એમાં જ એમની સારી દિનચર્યા સમાઇ જતી.

એમની ઉમ્મરના બીજા યુવકો કરતાં એ સાવ જુદા જ તરી આવતા. એમને કોઇપણ પ્રકારની દુન્યવી વાતોમાં રસ ન હતો. એમના જીવનમાં લગ્નનો પ્રસ્તાવ પણ આવેલો. પરંતુ શરૂઆતથી જ તેઓ લગ્ન ન કરવા માટે મક્કમ હતા. લગ્ન પ્રત્યે એમને કોઇ અણગમો ન હતો. પરંતુ પોતા માટે એની આવશ્યકતા નથી એમ માનતા. વળી આત્મિક સાધનાના ક્ષેત્રે જેમને પ્રગતિ સાધવી છે, તેમને લગ્ન કંઇક અંશે બંધનરૂપ કે અવરોધરૂપ બને છે એમ માનતા. એથી એવા તીવ્ર સાધકો સિવાય તેઓ જન સામાન્ય માટે લગ્નની આવશ્યકતા સ્વીકારતા, પરંતુ લગ્નજીવનમાં પ્રવેશતી નબળાઇઓથી બચવા સાવધાન કરતા.

(ક્રમશઃ)

○



# સદ્‌ભાવભરી સહાય

અધ્યાત્મના પ્રકાશનના યજ્ઞકાર્યમાં એના ગ્રાહકો અને વાંચકો આર્થિક સહાયની આહૂતિઓ આપતા રહે છે. તેના પરિણામે જ આ પ્રકાશનનું કાર્ય ચાલુ રહી શક્યું છે. છેલ્લે મળેલ આવી સદ્‌ભાવભરી સહાયની વિગતો નીચે પ્રમાણે છેઃ–

રૂ.

૧૦૧ શ્રી રાજેન્દ્રભાઇ ને ભારતીબેન અધ્વર્યુ, સુરત–બદ્રીકેદારની સફળ યાત્રા નિમિત્તે.

૨૧ શ્રી ઈશ્વરલાલ જી. કંથારિયા, સુરત.

૩૦૦ શ્રી ચંદ્રકાન્ત પી. પટેલ, અમદાવાદ.

૧૫૧ શ્રી હેમલતા ભીખુભાઇ, બોલ્ટન.

૧૫૧ શ્રી ભગાભાઇ સી. પટેલ, બોલ્ટન.

૪૫૧ શ્રી બોલ્ટનના એક સાધકભાઇ તરફથી.

૧૧ શ્રી પદ્માબેન પ્રતાપરાય ત્રિવેદી, ભાવનગર.

૧૦૧ શ્રી ઉષાબેન એચ. વ્યાસ, અમદાવાદ.

૧૧ શ્રી બાલુભાઇ રામજીભાઇ પટેલ, ભાવનગર–કાર્ય સિદ્ધ થતાં.

૧૫ શ્રી ચીમનભાઇ મહેતા, સુરત.

૨૫ શ્રી વિમળાબેન ઉપાધ્યાય, ભાવનગર.

૧૧ શ્રી અરૂણાબેન ઠક્કર, ભાવનગર.

૧૫ શ્રી બી. પી. ડામોર.

૧૦ શ્રી ચંદ્રકાન્તભાઇ કે. રાવલ, ધ્રાંગધ્રા.

૨૫ શ્રી મધુસૂદન રતિલાલ પોપટ, મોરબી.

૧૨૫ શ્રી ગોરધનભાઇ રણછોડભાઇ હીંગુ, ખોરાસાગીર.
૫૧ શ્રી અશ્વિનકુમાર દશરથલાલ કઠલાલવાલા.
૪૫૦ શ્રી કંચનબેન મનહરલાલ ભક્ત, અમેરિકા.
૩૭૮ શ્રી ભુલાભાઇ ભીખાભાઇ પટેલ, અમેરિકા.
૩૭૫ શ્રી પ્રભુભાઇ પ્રજાપતિ, કેનેડા (ટોરેન્ટો)–બેન ઇલાના લગ્ન નિમિત્તે.
૧૦૧ શ્રી ગિરીશભાઇ ભાવસાર, વડોદરા–પુત્રીને જન્મ નિમિત્તે.
૧૦૧ શ્રી ચંપાબેન મહેન્દ્રભાઇ પાઠક, વડોદરા–નવા વર્ષ નિમિત્તે.
૧૫ શ્રી રસેશભાઇ રજનીકાન્ત છાયા, વડોદરા.
૨૫ શ્રી અજય નારાયણભાઇ જાની, ભાવનગર.
૨૫ શ્રી પન્નાબેન શાહ, વડોદરા.
૧૫ શ્રી પ્રકાશચંદ્ર મગનલાલ જાની, વડોદરા.
૨૫૧ શ્રી પુષ્પાવતી કુમુદપ્રસાદ ત્રિવેદી, અમદાવાદ–બિમારીમાંથી સાજા થતાં.
૫૧ શ્રી મધુરિકા ગિ. શાહ, અમદાવાદ–શુભકાર્યો પૂરાં થતાં.
૧૭૫ શ્રી ડાહીબેન જે. મિસ્ત્રી, લેસ્ટર, યુ.કે.
૨૧ શ્રી વ્રજલાલ શાન્તિલાલ ચંદીભમર, અમદાવાદ–ચિ. દિનેશને ત્યાં પુત્ર જન્મ નિમિત્તે.
૨૫૦ શ્રી કુમુદબેન કાન્તિલાલ શાહ, મુંબઇ.
૪૨૩ શ્રી યોગેશ્વરજીની માસિક પુણ્યતિથિના દિને ભજન, ધૂન કાર્યક્રમોમાં વડોદરાના સાધક ભાઇબહેનો તરફથી આવેલ ભેટ.
૪૧૧ વડોદરામાં સાધક ભાઇબહેનો તરફથી સરળ ગીતાના પારાયણ પ્રસંગે આવેલ રકમ હા. વિનુભાઇ અમીન.



૫૦૦ શ્રી સુરતનાં "અવ્યય કલેક્શન"ની નવી દુકાનના ઉદ્દ્ઘાટન પ્રસંગે શ્રી મહેશકુમાર મગનલાલ પટેલ તરફથી.
૫૧ શ્રી ઉષાબેન ભરતકુમાર ટોપીવાલા, વડોદરા–તરફથી પુત્રીના જન્મ નિમિત્તે.

સહુને અભિનંદન અને શુભાશિષ.

### ચિ. બિન્દુના લગ્નપ્રસંગે

અમેરિકાના 'લૉસ એન્જેલસ'માં વસતા પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીના અનન્ય ભક્ત પરિવાર શ્રી ભગવાનજીભાઇ અને શ્રીમતી કંચનબેન તરફથી પોતાની પુત્રી બિન્દુના લગ્ન નિમિત્તે રૂા. ૧૦૦૧/– ની ભેટ મોકલાવી છે. એ પ્રેમી ભક્ત પરિવારની પુત્રીને શુભાશીષ અને તેઓને અભિનંદન.


શ્રી યોગેશ્વર કૃપા

**સંદીપ વેલ્ડીંગ વર્કસ**

**ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
**તેમજ**
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
**મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, સુરત–૩૯૫ ૦૦૭.**

# સંતોની સાધના

વક્તા : શ્રી યોગેશ્વરજી
સંકલન : અજીત પાઠક (કેનેડા)

**ભજન**

સંતોની સાધનાને જાણી કોઈ વિરલા,
જાણે તે માંહી મોજ માણે જી રે.
સંતોએ શોધ્યાં સ્થાન પ્રકૃતિની ગોદમાં,
પ્રકૃતિના પુણ્યનીર પીતાં જી રે........સંતોની૦
આવો ને એકવાર સંતોના સંગમાં,
જીવનના તાપ બધા વામશેજી રે........સંતોની૦
પ્રીતિના પુણ્યછોડ વાવી લો ઉરમાં,
આત્માને રંગ નવો લાગશે જી રે........સંતોની૦
ચેતનને ચાકડે ચિત્ત સદા ઘૂમતું,
શ્રદ્ધાનો દીપક જાગેજી રે........સંતોની૦

હમણાં આપણે ભજન સાંભળી ગયા કે 'સંતોની સાધનાને જાણે કોઈ વિરલા,' સવાલ એ થાય છે કે સંતોની સાધના છે શું?

મીરાંબાઈએ કહ્યું કે 'ઘાયલકી ગત ઘાયલ જાને ઔર ન જાને કોઈ, સખી મૈં તો પ્રેમદિવાની, મેરો દર્દ ન જાને કોઈ,' બીજા એક ભક્તે કહ્યું 'દિલનું દર્દ જાણે તેને દર્દ કહીયે.'

અત્યારે મોટાભાગના માણસોની સાધના ખાવુ, પીવુ, ભોગ-વિલાસ કરવો અને એક દિવસ શાંત થઈ જવું એ છે. તો પછી



સંતોની સાધના કેવી હોય છે?

સંતોની સાધના સમજવી હોય તો તમારે સરિતાની સાધનાને સમજવી પડે. આ સરિતાની સાધના કેવી હોય છે! સરિતા નીકળે પોતાના ઉગમ સ્થાનમાંથી પછી આગળને આગળ ચાલે. નીકળે ત્યારે નાની હોય. હિમાલયમાં જમનોત્રી નામનું સ્થાન છે ત્યાંથી જમુના નદી નીકળે છે. શરૂમાં; બરફના પર્વતમાંથી નીકળે એટલે અંગુઠા જેટલો નાનો પ્રવાહ હોય તે આગળ ચાલે એટલે બીજા કેટલાક પ્રવાહો તેમાં ભળે અને મથુરા આગળ તમે જુઓ તો, અક્કલ કામ ના કરે. આપણને થાય કે જે પ્રવાહ હિમાલયમાં જોયો હતો તે જ આ! તમે ચિત્રકુટમાં જાવ તો ત્યાં કામઠ પર્વતમાંથી મંદાકિની નદી નીકળે છે. ત્યાં પણ આવું જ છે. આમ શરૂઆતમાં સરિતા નાની હોય છે પણ આગળ વહેતાં તે મોટી થતી જાય છે.

હવે નદીનો માર્ગ કંઈ સરળ થોડો છે? ઉંચા નીચા રસ્તા આવે, પહાડ, પત્થર, ઝાડ, માટી, જંગલ વિગેરે તેના રસ્તામાં આવે પણ નદી તેનું ધ્યેય થોડું ચૂકે છે? તે તો આડી અવળી થઈને પોતાનો રસ્તો કાઢતી પોતાના ગંતવ્યસ્થાન (Destination) પર પહોંચે છે. આમ દરેક નદી સમુદ્રને મળે છે.

નદીને કંઈ બધા જ ફૂલ ચડાવે છે તેવું થોડું જ છે! કોઈ ફૂલ ચોખા નાખેય ખરૂં, કોઈ ના પણ નાંખે. કોઈ પાણી પીવે કોઈ ના પણ પીવે. કોઈ પશુ હોય તે પેશાબ પણ કરે, નદી થોડી ના પાડવાની છે? કેટલાક પૈસા નાખેય ખરા અને કેટલાક પૈસા શોધેય ખરા. નદી તો પોતાના વહનમાં મગન છે. આટલું સમજીએ તો સંતોની સાધના સમજાય. સંતોની કોઈ નિંદા કરે કે પ્રશસ્તિ કરે, માન કે અપમાન, તેને મન તો બધું જ સરખું, તે તો મનોમન સદાય પ્રભુની

જ પ્રાર્થના કરતી હોય છે.

સંતો જગતમાં શું કામ જન્મે છે! શું કરે છે! શું કરવા શ્વાસ લે છે! તે તો ગમે ત્યાં રહે. ભારત, હિમાલય, હોલીવુડ પણ તેનું મન હંમેશાં ભગવાનમાં જ રહે છે. તેને ખબર છે કે મારે માયામાં રહેવાનું છે પણ ભળવાનું ભગવાનમાં છે. માયા સાથે મીન્ગલ થવાનું નથી. તે તેના ડેસ્ટીનેશનને કાયમ યાદ રાખે અને સાધના કર્યા કરે.

હવે એ સાધના કરે એટલે એનો રસ્તો કંઈ થોડો સહેલો છે. ભજન કરવા જાવ. એટલે લોકો કહે નકામા રાગડા તાણી શું મળવાનું છે, વૈકુંઠ વહેલા જવું છે... વિગેરે. તમે ભજન કરવા જાવ એટલે નિંદા, અપમાન, મુસીબતો આવવાની જ. પણ જો તમારું મન મક્કમ હશે તો તમારા ધાર્યા માર્ગે આગળ વધી શકશો. મન અથવા બુદ્ધિ સારથિનું કામ કરે. સંતો સમજે છે કે મારે માત્ર મારું કલ્યાણ કરીને જ નથી બેસી રહેવું, પણ મારે મારા દેશ માટે, સમાજ માટે, સંસ્કૃતિ માટે કંઈક કરી છૂટવું છે.

જગત અત્યારે યાદ કરે છે આઈઝેક ન્યૂટનને—તેમની થીયરી ઓફ ગ્રેવીટી માટે. સર સી. વી. રામનને યાદ કરે છે. કોઈ અધ્યાપક હોય તો તેને થાય કે હું સારા સંસ્કારી વિદ્યાર્થીઓ તૈયાર કરું, કોઈ શ્રીમંત હોય તો વિચારે કે હું કંઈક ધાર્મિક સંસ્થામાં દાન કરું. સંતો સમજે છે કે મારે માનવ જીવન પામીને કુતરા બિલાડા પેઠે નથી જીવવું, પણ એક ઉત્તમ મનુષ્યને છાજે તેવી રીતે જીવન જીવી જાણવું છે. ભક્ત કે સંત પોતાની સાથે આવો નિશ્ચય કરે છે કે ગમે તેવા વિક્ષેપો આવે, ભયસ્થાનો આવે તો પણ મારે જપ, તપ, પ્રાર્થના ઇત્યાદિ કરીને પણ પ્રભુને પ્રાપ્ત કરવા છે. સંતોને પણ



વ્યવસાય તો કરવો જ પડે છે પરંતુ તેના મનમાં તે પ્રભુની જ પ્રાર્થના કરતો હોય છે. તેને લાગે છે કે મારે લોકોનું ભલુ જ કરવાનું છે લોકોને સુખી જ બનાવવાના છે તે બધા અંતરાયોમાંથી પસાર થતો થતો આજુબાજુની દુનિયાને સુખી ને સમૃદ્ધ કરતો પોતાના ગંતવ્યસ્થાન પર પહોંચે છે અને બીજાને પણ તે રસ્તે લઈ જવા મદદરૂપ બને છે.

મહાત્મા બ્રહ્માનંદે કહ્યું છે કે—

સંત પરમ હિતકારી, જગતમાંહી સંત પરમ હિતકારી,<br>
પ્રભુપદ પ્રકટ કરાવત, પ્રીતિ રીત જગતસે ન્યારી.

માતપિતા સાધારણ હિત કરે, જન્મ આપે જ્યારે સંતોને પરમહિત કરનારા કહ્યા છે માનવને જેની બહુ જ જરૂર છે તે શાંતિ—અહીં કોઈ પ્લાઝામાં મળે છે? તમારે શાંતિ મેળવવા સંત પાસે જ જવું પડશે. પ્રભુ પાસે જ જવું પડશે, દિલના ઉંડાણમાં ઉતરવું જ પડશે સંત હોય તે આપણને મોહ, અવિદ્યામાંથી મુક્ત કરે રસ્તો બતાવે, સંત એ જીવનાં શિવ સાથે લગ્ન કરાવે, પ્રભુના માર્ગે કેવી રીતે આગળ ને આગળ વધાય તેની સમજણ આપે. બાકી તો મન તો આપણું પેલા ચિમ્પાઝી વાંદરા જેવું છે એક ક્ષણને માટે પણ ઠરીને બેસે નહીં. માળા લઈને કે જપ કરવા બેઠા એટલે મન ભમાભમ કરવા માંડે, આ મનને ધ્યાનમાં, જપમાં સત્સંગમાં કેમ લગાડવું તેને કેમ ચોખ્ખું રાખવું? તેમાં રાગ થાય છે, દ્વેષ થાય છે સ્વાર્થનો શિકાર બની ગયું છે આને નિર્મળ કેમ બનાવવું અને જીવન સારી રીતે કેમ જીવવું તે સંત બતાવે છે. તે ભગવાન સાથે પ્રીતિ કરાવે છે પોતે ગોર બની જાય છે બ્રહ્માનંદ કહે છે આવા સંતો બધે ફરે છે તો ખરા પણ તેમને શરીરની આશક્તિ ના હોય. પ્રભુની

કૃપાથી આવા સંત મળે છે ત્યારે જાણે કે પ્રગટ મુરારિ મળ્યા હોય તેમ સંતોષ થાય છે. સંતો પ્રેમમય હોય છે, શાંતિમય હોય છે, આનંદમય હોય છે, તેઓ દ્વેષમય હોતા નથી. તો સંતોને જોઇને આપણે ભગવાનને ઇમેજીન કરી શકીયે કે ભગવાન પણ આવા જ હશે.

ભગવાન પણ પ્રેમસ્વરૂપ, આનંદસ્વરૂપ, શાંતિસ્વરૂપ હશે તે દ્વેષમય નહીં હોય. સંતો નિર્ભય હોય છે નિશ્ચિત હોય છે. તે માયામાં રહીને પણ માયાથી ખરડાતા નથી. જગતમાં તે જલકમલવત્ રહેતા હોય છે. જેમ સંતો બધાના હિતની ચિંતા કરે તેમ ભગવાન પણ બધાના હિતની ચિંતા કરતા જ હશે. થોડા કંઇ બેસી રહેતા હશે? આ મનુષ્ય શરીર મળે છે તો બધાંને, પણ મનુષ્ય શરીરને ઉજાળવા પ્રયત્ન કેટલા કરે છે? મનુષ્ય શરીરમાં શક્યતાઓ કેટલી બધી છે? આપણે એની શક્તિઓને વિકસાવીએ તો નરમાંથી નારાયણ બની શકીયે અને બીજાને બનાવી શકીયે, આવું વિચારનારા કેટલા અને વિચારીને તે માર્ગે આગળ જનારા કેટલા? બહુ જ ઓછા. જુઓ સંતો તો આવ્યા અને ગયા પણ તે માર્ગ બતાવતા ગયા. મહર્ષિ વ્યાસ–ભાગવત અને ગીતામાં, તુલસીદાસ અને વાલ્મિકી–રામાયણમાં. સંતો પોતાના ભજનો દ્વારા જગતને બતાવતા ગયા. આવા સંતો અને ભક્તો સમસ્ત સંસાર અને ભગવાનને માટે જ જીવે છે.

શ્રીમદ્ ભાગવત્‌માં પ્રહ્‌લાદજીને જ્યારે ભગવાનનાં દર્શન થાય છે ત્યારે તે કહે છે કે "હે પ્રભુ હવે મને કહેવાતા ધર્મોમાં શ્રદ્ધા નથી. ધનસંગ્રહમાં પણ મને રસ નથી, કામનાઓના ઉપભોગમાં પણ રસ નથી. જે સમયે જ્યારે જ્યાં જે થશે તે મંગલ જ થશે, ભૂત ભવિષ્યની ચિંતા મને સતાવતી નથી, તમે જે કંઇ કરશો તે સારું જ



કરશો એવો મને દૃઢ વિશ્વાસ છે."

ધન એ માણસને સમૃદ્ધ કરી શકે પણ સુખી ના કરી શકે પૈસાવાળા સુખે ખાઇ ન પણ શકતા હોય, નિરાંતે ઉંઘી ના પણ શકતા હોય જ્યારે નિર્ધન–ગરીબ માણસ સુખે ખાઇ શકતો હોય અને નિરાંતે ઉંઘી પણ શકતો હોય. આમ પૈસાની એક મર્યાદા છે તે સિવાય પણ જીવનમાં બીજું કંઇક જોઇએ–પૈસા પ્લસ.

ભક્ત પ્રહ્‌લાદ કહે છે કે હે અચ્યુત દરેક જન્મમાં મારું ચિત્ત તમારા ચારુચરણમાં ચોંટેલું રહે તે માગું છું પછી વિઘ્નો કે મુસીબતોના મહેરામણ આવે તો પણ હું ગભરાઇશ નહીં, પ્રભુ હું ગદ્‌ગદ્ કંઠે નિત્ય નિરંતર તમારી પ્રાર્થના કરું છું કે અવિવેકી પુરુષોને વિષયોમાં જેવી પ્રીતિ થાય છે તેવી પ્રીતિ હે અચ્યુત હું ગમે તે યોનિમાં જન્મ લઉં ત્યાં તમારા ચરણકમળમાં એવી પ્રીતિ પ્રાપ્ત થજો. આપણે જોઇએ છીએ કે જે છોકરાં ઘણું માગે છે તેનું માબાપ બહુ ધ્યાન રાખતાં નથી. પણ જે છોકરો માગતો નથી તેની ફિકર માબાપને થાય છે. અને તેની જરૂર કરતાં પણ વધારે ધ્યાન રાખે છે. જે ભક્ત પ્રભુ પાસે માગ્યા કરે–પ્રભુ પૈસા આપજો, પ્રભુ સ્વર્ગ આપજો વિગેરે તેનું ભગવાન જાણતો જ હોય છે તેનું આ તો માગી માગીને પૈસા જ માગવાનો છે પણ જે ભક્ત માગે કે પ્રભુ તમે જ જાણો તો ભગવાન તેની ઇચ્છાઓ પૂર્ણ કરે છે. આવા ભક્તની સારી ઇચ્છાઓની પૂર્તિ થવી જ જોઇએ એમ ભગવાન માને છે. હમણાં જણાવ્યું તેમ ભાગવત્‌માં બે લંગોટીયા ભક્તો એક ભક્તરાજ ધ્રુવ અને બીજો પ્રહ્‌લાદ. બંનેએ ભગવાન પાસે કંઇ માગ્યું નહીં. જ્યારે તેમને ભગવાનનાં દર્શન થયાં ત્યારે ભગવાને કહ્યું વરં બૂહિ; ધ્રુવજી જ્યારે તપ કરવા વનમાં ગયા ત્યારે તેમની કામના

રાજ્ય મેળવવાની હતી પરંતુ જ્યારે તેમને ભગવાનનાં દર્શન થયાં ત્યાં સુધી તપ કરતાં કરતાં લાલસાઓ ઘટતી ગઇ એટલે કંઇ જ માગ્યું નહીં. પ્રહ્લાદજીએ તો ભગવાનને ભજ્યા વગર રહેવાતું જ ન હતું, ધ્રુવ જેવી રાજ્ય મેળવવાની ગુપ્ત ઇચ્છા પણ તેમની ન હતી. છતાં જુઓ ભક્તે કંઇ માગ્યું નહીં તો પણ ભગવાને ભક્તોને કહ્યું કે મેં તમને ભક્તિ તો આપી જ દીધી છે જેથી તમે મારી પાસે પહોંચ્યા અને પ્રહ્લાદજીને કહ્યું કે તમારે તો અસુરોના રાજા થવાનું છે. પ્રહ્લાદજી ના પાડે છે છતાં ભગવાન કહે છે કે સારા માણસો માળા લઇને જંગલમાં જતા રહે તો નબળા માણસો સમાજમાં વધી જાય તો સમાજ સુખી કેવી રીતે થાય? માટે સારા માણસોને શાસનકર્તા પણ બનાવવા પડશે. સારા માણસોને સત્તાના સૂત્રો સોંપવા જોઇશે. આપણે તો બધા સારા સારા ને સારા જ જોઇએ. વેપારીઓ, વકીલો, દાક્તરો, ત્યાગીઓ, ગૃહસ્થીઓ, સમાજ સેવકો વિગેરે બધા સારા જ જોઇએ તો આખો સમાજ સારો બને તો રાજ્યકર્તાઓ પણ સારા જોઇએ, ભગવાને કહ્યું અસુરો ચારે તરફથી અનેક પ્રકારના દુર્ગુણોનો શિકાર બની ગયા છે તમે રાજા બનશો તો તમારી સારી છાપ પ્રજા પર પડશે અને પ્રજા તેમાંથી શીખીને સારી બનશે માટે તમારે રાજા બનવું એ મારે માટે અને પ્રજા માટે જરૂરી છે. ભક્તોએ ના માગ્યું તો ભગવાને કેટલું બધું આપ્યું. ભગવાને ધ્રુવને પણ કહ્યું કે તમારી જે કામના છે રાજ્યપ્રાપ્તિની, તે હું વરદાન આપું છું કે જેથી તમોને રાજ્યની, સુખની, શાંતિની અને સમૃદ્ધિની પ્રાપ્તિ થશે, તમારું જીવન ધન્ય બની જશે અને તમે પાછા જશો ત્યારે તમારા પિતા તમારું સન્માન કરશે.

(ક્રમશઃ)



નવા વર્ષે

# પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીનું ઉદ્‌બોધન

સર્વેશ્વરી પદરેણુ

"આપણા જીવનમાં કેટલાંય વર્ષો ઊઠયાં ને કેટલાંય નવાં બેઠાં, પરંતુ સારું ખાઇ પીને અગર મોજમજાહ કરીને નવું વર્ષ ઉજવવાનું હોય તો તેનાથી જીવનમાં આધ્યાત્મિક માર્ગે કોઇ પ્રગતિ નહિ થાય. આત્મિક કલ્યાણના માર્ગે આગળ નહિ વધાય. એ માર્ગે જો આગળ વધવું હોય તો નવા વર્ષે પ્રભુના માર્ગે આગળ વધવા માટે વધુ જપ, તપ, ધ્યાનના નવા સંકલ્પો કરો. તો જીવનમાં તેજ આવશે, પ્રકાશ પથરાશે !"

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ વડોદરામાં શ્રી જીતુભાઇ ગાંધીને ત્યાં સવંત ૨૦૪૭ ના નવા વર્ષના દિવસે તા. ૧૯–૧૦–૯૦ ના તેઓશ્રીના દર્શને ઉમટેલ મોટા સાધક સમુદાયને ઉદ્બોધન કરતાં આ શબ્દો ઉચ્ચાર્યા હતા. પૂ. મા પરદેશની એક વર્ષની યાત્રા બાદ ભારતમાં પહેલી જ વાર જાહેર કાર્યક્રમમાં દર્શન આપી રહ્યાં હતાં.

પૂ. માના દર્શનમાટે જાહેર તહેવારો છતાં સાધક ભાઇબહેનો મોટી સંખ્યામાં ઉમટયાં હતાં. પરિણામે શ્રી જીતુભાઇનો આખો આવાસ નીચે ને ઉપર સાધકવૃંદોથી ખીચોખીચ ભરાઇ ગયો હતો.

પૂ. માએ વિશેષમાં જણાવ્યું કે સાંસારિક કાર્યોમાં પણ કોઇ અનુભવી કે માર્ગદર્શકની જરૂરત આપણને જણાય છે, તો આધ્યાત્મિક ક્ષેત્રમાં પણ પ્રગતિ સાધવા ગુરુની આવશ્યકતા રહે છે. પ્રભુકૃપાથી કે પૂર્વજન્મના સત્કર્મોને લીધે જો આપણને ખરેખર

પ્રભુકૃપાપ્રાપ્ત ગુરુ મળી જાય તો તેને જીવનની મોટી ઉપલબ્ધિ માનવી. એવા ગુરુનું શરણ શ્રદ્ધાભક્તિથી સ્વીકારવું ને તેમણે ચીંધ્યા રાહે ચાલવાથી જીવનમાં પ્રભુપંથે જરૂરથી આગળ વધાશે.

એમ ના માનતા કે આવા ગુરુનો સંબંધ કેવળ આ જન્મ પૂરતો જ રહે છે. એ તો જન્મોજન્મોનો સંબંધ છે–જ્યાં સુધી એ શિષ્ય પ્રભુપ્રાપ્તિ ના કરી લે ત્યાં સુધી સદ્‌ગુરુ સમર્પિત શિષ્યનો સાથ કદી છોડતા નથી.

ભગવાનની કૃપાથી આપણને આ જન્મમાં આવા સદ્‌ગુરુ શ્રી યોગેશ્વરજી મળ્યા છે. એ આપણું મોટું સદ્‌ભાગ્ય છે. એમ છતાં પણ જો આપણને મળેલી આ તકનો ઉપયોગ આપણે ન કરીએ તો આપણા જેવા કમભાગી કોણ?

આના અનુસંધાનમાં પૂ. માએ સ્વરચિત એક સુંદર ભજન સંભળાવતાં ગાયું કે:–

યોગેશ્વર ભોમિયો રે, જીવન જંગનો.
મૂંઝવણના માર્ગે દીપ પ્રકટાવતો,
એ નિતનવી શક્તિ ધરનારો–
યોગેશ્વર ભોમિયો રે, જીવન જંગનો.

પોકારે તેની પડખે રહેનારો,
સાચો સ્વજન બની સેવક થનારો,
થાકે તો ઉંચકી લેનારો,
યોગેશ્વર ભોમિયો રે, જીવન જંગનો.

સદ્‌ગુરુ રૂપે એ તો પધારતો,
વિઘ્નોની વચ્ચે એ તો વધાવતો,



ચિન્તાનો બોજ લેનારો,
યોગેશ્વર ભોમિયો રે, જીવન જંગનો.

જીવન જંગ તો પાર કરીશું,
મૈત્રી અંતરની તેને ધરીશું,
છેક સુધી પહોંચાડનારો,
યોગેશ્વર ભોમિયો રે, જીવન જંગનો.

સર્વેશ્વરીનો સાથી એ સાચો,
જીવન ભરનો વિશ્વાસ પાકો,
સર્વેશ્વરીમાં એ પથરાયો,
યોગેશ્વર ભોમિયો રે, જીવન જંગનો.

પૂ. માએ આગળ બોલતાં કહ્યું, "પૂ. ગુરુદેવ આપણી વચ્ચે સ્થૂલ સ્વરૂપે આજે ભલે ન હોય, પરંતુ તેઓનો અક્ષરદેહ તો આપણી પાસે છે જ. તેનું વાંચન, મનન કરી તેમાંથી પ્રેરણા મેળવી, જીવન અંજલિરૂપ બનાવી શકાય. પરંતુ તે માટે આજે નવા વર્ષે શુભ સંકલ્પો કરી તેનો અમલ કરીશું તો જ તે શક્ય બનશે."

પૂ. મા પોતાની વિદેશયાત્રા અંગે વધુમાં કહે છે કે અમારે મન દેશ–વિદેશ જેવા કોઈ ભૌતિક ભેદો નથી. બધી જ પ્રભુની ધરતી છે જ્યાં જઈએ ત્યાં પ્રભુનું જ નામ લેવાનું, પરહિતનું જ કામ કરવાનું. એના પરિણામે જ અમારા કેનેડાથી આવેલ જયંતીભાઈની વાત તમે સાંભળો.

શ્રી જયંતીભાઈએ કહ્યું કે પૂ. માનું પ્રથમ દર્શન મને ૧૯૮૮ માં અમેરિકામાં વિનોદભાઈને ત્યાં થયું. પ્રથમ દૃષ્ટિએ જ મને અનોખી શાન્તિનો અનુભવ થયો. પૂ. માની સરલતા ને નિખાલસતા

અમને સ્પર્શી ગઇ. પરિણામે અમને તેમના પ્રત્યે આકર્ષણ થયું ને તે દિનપ્રતિદિન વધતું જ ગયું. તેને લીધે અમારા જીવનના બધા જ ખાનપાન ને પીવાના દોષો દૂર થઇ ગયા. અમારા જીવનમાં ક્રાન્તિ થઇ ગઇ. વળી "પૂ. માએ બાળકો માટે જે કામ આ વખતે કર્યું છે, તે ખૂબ જ મહત્ત્વનું ને અનોખું છે. બાળકોને પ્રેમ આપી તેમના જીવનમાંથી ખાનપાનના દોષો કાઢી, પ્રભુના માર્ગે જવાનો પંથ તેમને ચીંધ્યો છે. તેને લીધે, ઘણાં બાળકોએ નવા સ્નાન, પ્રાર્થના ને જપના નિયમો લીધા છે. પૂ. મા દરેક બાળકનું પણ ધ્યાન રાખે ને તેની પ્રગતિ જોતાં રહે. આવું પાયાનું કામ કોણ કરી શકે? પૂ. મા જેવાં કોઇ વિરલ સંત જ કરી શકે. એને લીધે જ દરેક સાધક તેમ જ બાળકને આજે લાગે છે કે પૂ. મા મારાં જ છે."

પ્રારંભમાં પૂ. માને વિદેશયાત્રા પછી આવકારતાં ટૂકાં વક્તવ્યો શ્રી નારાયણભાઇ જાની ને શ્રી મૂળશંકરભાઇ જાનીએ આપ્યાં હતાં.

આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી વિજયસિંહ રાણાએ કર્યું હતું ને શ્રી પૂર્ણિમાબેને પૂ. માને આવકારતું સુંદર ભજન ગાયું હતું. શ્રી જીતુભાઇ ગાંધી અને કુન્દનબેનની ગેરહાજરીમાં એમના સુપુત્ર ભરતે પોતાનો આખો આવાસ સાધકો માટે ખુલ્લો મૂકી દીધો હતો.

વડોદરાના સાધક ભાઇબહેનોએ બહારગામથી આવેલ સાધકો માટે ઉતારા ને ભોજનની સરસ વ્યવસ્થા શ્રી વિનુભાઇ અમીન અને વિજયભાઇ પુરોહિતના પરિવારે તેમ જ બીજાઓએ કરી હતી.



# ગીતા ઘરમાં વસાવો

તંત્રી

આજનો થોડું અંગ્રેજી ભણેલો વર્ગ મોટા ભાગે એવું માને મનાવે છે કે ભારતના આધ્યાત્મિક સંસ્કૃતિના ગ્રંથો—આજના યુગમાં અપ્રસ્તુત જેવા છે. તેમનો આજની પરિસ્થિતિ સાથે કોઇ મેળ ખાતો નથી. એથી એમના વાંચન કે અધ્યયનની કોઇ આવશ્યકતા નથી.

જે માણસો આવા અધકચરા અભિપ્રાયો આપતા હોય છે, તેઓમાંના મોટા ભાગનાઓએ કાં તો ગીતા વાંચી નથી. અગર તેને બરાબર સમજ્યા નથી.

ગીતાને કોઇ દેશ કે કાળ સાથે કોઇ સંબંધ નથી તેને સંબંધ છે માત્ર માનવ સાથે. એટલે જ્યાં સુધી આ દુનિયા ઉપર માનવ છે ત્યાં સુધી ગીતા રહેવાની અને તે માનવ માત્રને ઉદાત્ત બનવાની, આત્મા અને પ્રભુને ઓળખવાની પ્રેરણા પાતી રહેશે.

એ સાચું છે કે મૂળ ગીતા સંસ્કૃત ભાષામાં છે અને ઘણો મોટો આમવર્ગ સંસ્કૃત ભાષા જાણતો નથી, સમજતો નથી. પરંતુ આવા આમ સમુદાયનાં પ્રતિનિધિ એવાં પોતાનાં થોડું ભણેલાં માતાને લક્ષ્યમાં રાખી, પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી જેવા સિદ્ધપુરુષે ગુજરાતી સરળ ભાષામાં ગીતાનો કાવ્યમાં અનુવાદ કર્યો છે, એ છે સરળ ગીતા.

અત્યાર સુધીમાં આ ગીતાની અર્ધા લાખ ઉપર નકલો વેંચાઇ

છે ને તેની વીસથી વધુ આવૃત્તિઓ છપાઇ છે. આથી મારી દરેક સમજદાર ગુજરાતી ગૃહસ્થને પ્રાર્થના છે કે તમારા ઘરમાં સરળ ગીતા અવશ્ય વસાવો. તેનું નિયમિત વાંચન કરો અને જે વાંચો તેના ઉપર થોડું મનન કરો. પછી જુઓ કે માત્ર છ માસમાં જ તમારું જીવન કેવું તેજસ્વી, પ્રાણવાન, અને સદાચારી બને છે. આ માટે બહુ મોટી કિમ્મત આપવાની નથી. માત્ર રૂ. ૬–૦૦ (પોસ્ટેજ સાથે પ્લાસ્ટીક જેકેટવાળી). તમારા ઘરમાં આવી ગીતા ન હોય તો નવા વર્ષના શુભ આરંભરૂપે આજે જ મનીઓર્ડર કરો. નીચેના સરનામેઃ–

નારાયણ હ. જાની,
તંત્રી, 'અધ્યાત્મ', 'પરમધામ', પ્લોટ નં. ૧૬૮૮ બી.,
સરદારનગર, ભાવનગર–૩૬૪૦૦૧.

* પૈસા મોક્લનારે પોતાનું પૂરું સરનામું કાપલીમાં લખવું *


પ્રભુવિણ જે કંઇ અન્ય તે, જાણો સૌ દુઃખરૂપ;
કાં હમણાં કે કાં પછી, પાડે તે ભવકૂપ. નાથભગવાન્

IS: 10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઇ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨




# રામાયણમાં કુટુંબલક્ષી કર્મવાદ

રતિલાલ ભાવસાર

(૨)

રામને પુત્રવત ચાહતી કૈકેયીને કાને મંથરાએ જ્યારે રામના રાજ્યાભિષેકની વાત નાખી, ત્યારે કૈકેયી એકદમ બોલી ઊઠે છે : "શું કહ્યું? કાલે રામનો રાજ્યાભિષેક થવાનો છે? વાહ, એથી અધિક રૂડું શું? આજ આપણે ઘેર સોનાનો સૂરજ ઊગ્યો માનવો જોઈએ! આ લે, મારો મોતીનો હાર તને વધામણીમાં આપ્યો!"

કૈકેયીના આ શબ્દોમાં તેના અંતરની નિખાલસતાનો–અને રામ પ્રત્યેની વત્સલતાનો રણકાર સાફ સાફ સંભળાય છે, કૈકેયી બુદ્ધિમાન અને ભાવનાશાળી સન્નારી હતી, એને મન ભરત અને રામ બંને સરખા હતા. રામનો રાજ્યાભિષેક થાય તે ભરતનો થવા બરોબરનો હૈયે હરખ હતો. એટલે, મંથરાની કાનભંભેરણીથી સહેજ પણ વિચલિત ન થતાં ખુદ કૈકેયી મંથરાને સમજાવે છે : "મંથરા! રામનાં સત્ય, શીલ અને વિનય આપણે સૌ જાણીએ છીએ! રાજ્ય ચલાવવાના બધા ગુણો એમનામાં છે, વળી, રામ મારા પર કેટલો બધો પ્રેમભાવ રાખે છે! કૌશલ્યા કરતાં પણ મને વધારે ગણે છે–અને પોતાના નાના ભાઈઓને તો તે પ્રાણથી અધિક ચાહતા આવ્યા છે! ના, ના, એના હાથે કદી કોઈનું અ–હિત થાય જ નહિ! તારો ભય સાવ મિથ્યા છે!"

—આવી દૃઢ માન્યતા ધરાવનાર કૈકેયી પણ આખરે મંથરાની ભંભેરણીથી ભરમાય છે. 'રાજમાતા' બનવાના પ્રલોભનમાં ફસાય

છે અને એકાએક અણધાર્યો ગજબનો ધડાકો કરે છે!

અહીં ખાસ ઊંડાણથી સમજવા જેવી વાત છે.

કૈકેયી કોઇ રીતે અદેખી કે અધમ નહોતી. કેવળ સૌંદર્ય જ નહિ, એનામાં ટોચ કક્ષાના ગુણો પણ હતા. તેમ આ બાજુ, પહેલપ્રથમ અગનપલીતો ચાંપનાર મંથરાને પણ આવી ભયંકર ખટપટ કરવાનું કશું વાજબી કારણ નહોતું! એને એવો કશો અંગત સ્વાર્થ પણ નહોતો!

છેક અહીં સુધી તો બંનેનાં વર્તન–વહેવાર શુદ્ધ અને સુજનતાભર્યાં રહ્યાં છે. રામ પ્રત્યે બંનેને ભારે સદ્‌ભાવ છે, પરંતુ, રામના રાજ્યાભિષેકની વાત બહાર આવતાં જ એકાએક બધું ઊલટપાલટ થઇ જાય છે!

મંથરા અને કૈકેયીએ પોતપોતાના સ્થાનેથી જે નિષ્ઠુર ભૂમિકા ભજવી છે–એના કારણમાં તુલસીદાસે ભાવિને જ આગળ ધર્યું છે–અને કહી દીધું છે : "વિધિ–કર લિખા કો મેટનહારા?"

હવે, જેમ નદીને વહેવા માટે પટનો આધાર જોઇએ, તેમ 'ભાવિ'ને પણ પ્રગટ થવા માટે કોઇ ને કોઇ યથાયોગ્ય નિમિત્તનો આધાર તો જોઇએ જ ને?

અહીં, જરાક થંભી જઇને 'રામકથા'ની આગળ–પાછળનો સંદર્ભ તપાસીએ–અને તે ઉપરાન્ત કૈકેયીની પણ આગળ–પાછળ-ની બધી વર્તનભૂમિકા બારીકાઇથી લક્ષમાં લઇએ–તો ખબર પડશે કે મંથરા અને કૈકેયી બંને, રામાયણની રચના થવામાં જાણે નિમિત્તનાં જ નિશાન બન્યાં છે!

અલબત્ત, મહાઅનિષ્ટ કાર્યમાં 'નિમિત્ત' બનવા પૂરતું પણ



એમનું દુર્ભાગ્ય તો ખરું જ! પૂર્વના કોઇ કર્મપ્રારબ્ધની ભૂમિકા એમનામાં હશે ખરી!

સુંદર સુશોભિત એવા હર્યાભર્યા જીવનકાળમાં, દુર્દૈવયોગે અધવચાળે કોઇ અ–શુભ ઘટના પૂરતી ભજવાયેલી વર્તન–ભૂમિકા (Role Behaviour) એ આખા જીવનમાં સળંગપણે વ્યાપી વળેલી વર્તણૂક (ચાલચલગત) નથી હોતી–એ હકીકત આપણને કૈકેયીનો દાખલો કહી જાય છે.

કૈકેયીએ લીધેલો તાબડતોબ પગલાંથી, રાજ્યાભિષેકને બદલે રામચંદ્રજીને વનવાસ મળે છે! એકમેકથી કેવી વિરુદ્ધ અને વિપરીત વાત! પરંતુ, રામચંદ્રજી જગતની આવી લૌકિક દૃષ્ટિએ જોતા જ નથી. મૂલ્યાંકન કરવાની એમની દૃષ્ટિ અનોખી છે! મણિની અંદરના ભાગમાંથી સ્વયં પ્રકાશિત તેજ જેવા એમના આન્તરિક સૌહાર્દનો પરિચય કરાવતો, આગલા જ દિવસનો એક પ્રસંગ ધ્યાનમાં લેવા જેવો છે.

રામચંદ્રજી પાસે પહેલવહેલી વધાઇ આવે છે : "અયોધ્યાના રાજસિંહાસન પર હવે આપનો અભિષેક થશે!"

વધાઇના આ શબ્દો સાંભળ્યા પછી, એમના મુખારવિંદ પર મંગલમધુર પ્રસન્નતા નાચી ઊઠવાને બદલે એક જાતની ગંભીરતા છવાઇ ગઇ!

આમ થવાની પૂછપાછમાં એમણે જે ઉત્તર આપ્યો તે દિલની દીવાલ પર કોતરી રાખવા જેવો છે! એમણે કહ્યું :

"અમે તો ચાર ભાઇ! અમે સાથે જન્મ્યા, સાથે રમ્યા, સાથે ખાધું–પીધું, સૂતા પણ સાથે, અરે! એટલું જ નહિ, પરણ્યા પણ

સાથે જ! હવે, અયોધ્યાની ગાદી પર એકલશૂરા બનીને મારે એકલાએ જ બેસવાનું? કહો, આ અનુચિત નથી? આવું હોય ત્યારે મને સારું લાગે?"

વાહ! કુટુંબભાવની કેવી ભવ્ય એકતા અને એકરૂપતા! શ્રીરામના આ શબ્દોમાં 'ઈશાવાસ્ય'વૃત્તિનો 'વહેંચીને ખાવાનો' અને 'ગમતાનો ગુલાલ કરવાનો' કર્તવ્યબોધ સૂચવાયો છે.

આવી સરળ અને ઉદાર ભાવનાઓ ધરાવનાર રામચંદ્રજીને રાજતિલકને બદલે વનવાસનો આદેશ મળતાં દુઃખ શેનું થાય?

ઊલટું, એ તો પિતાના વચન ખાતર વનવાસની આજ્ઞા ઉઠાવવામાં પોતાનું અધિક હિત સમાયું છે—એવા ઊર્ધ્વ અને ઉન્નત વિચાર સેવે છે! એકાએક અણધારી આ જે પરિસ્થિતિ સર્જાઈ એમાં 'પ્રભુનો હાથ' જુએ છે! અને, તત્કાળ અનાસક્તપણે ગાદીત્યાગની વાતનો સ્વીકાર કરે છે! અને સ્વીકારમાં પણ પાછી પ્રસન્નપણે આદર અને આભારની લાગણી ઉમેરે છે.

'ચંપૂ રામાયણ'માં કહેવાયું છે કે, વનવાસ જતી વખતે કૈકેયીને ચરણવંદન કરી શ્રીરામચંદ્રજી વિનયપૂર્વક કહે છે:

"માતાજી! વનવાસની આજ્ઞા આપીને, તમે તો મને માત્ર મારા શરીરનું જ રક્ષણ કરવાનું કામ મને સોંપ્યું છે—પરંતુ તમારા પુત્ર ભરતને માથે તો સકળ ભુવનની રક્ષા કરવાનો (અયોધ્યાના રાજ્યવહીવટનો) ભાર મૂક્યો છે!—આ બેમાંથી વધારે સહેલું—સૂતરું કામ કયું છે તેનો વિચાર કરું છું ત્યારે મને સમજાય છે કે તમે મારી તરફ જ વહાલભર્યો પક્ષપાત બતાવ્યો છે!"

* * *



ધન્ય! ધન્ય!

ગુણગ્રાહક વૃત્તિ—વલણથી અયોગ્ય અને અનિષ્ટના ઢગલામાંથી પણ, કંઈક સારાપણાના શુભ—સુંદર અંશો શોધી—તારવીને તેના ગુણોનું સંકીર્તન કરવાની 'પ્રતિપક્ષ ભાવના'નું આ ભવ્ય દર્શન છે! ભારતની સાંસ્કૃતિક સમૃદ્ધિ સમો રામાયણનો આ એક મહાન સદ્‌બોધ છે!

કૌટુમ્બિક સવાલોના સંઘર્ષમાં સપડાયેલા કે કોઈ ગૂંચરણભર્યા ઘરગથ્થુ સંજોગોના સકંજામાં દબાતા—ચંપાતા સંસારી જીવોને રામાયણના આવા પ્રેરણાત્મક પ્રસંગોમાંથી પોતપોતાને ઘેરી વળેલી સમસ્યાઓના ઉકેલની અમુક ચોક્કસ દિશા દેખાય છે—અને તેને સારી રીતે આચરણમાં ઉતારી શકાય એવા શુભ—મંગલ વિચારો ઉદ્‌ભવે છે!

પહેલપ્રથમ, આપણું બૂરું કરનારનું ક્ષમાવૃત્તિથી અને પ્રતિપક્ષ ભાવનાથી ભલું વિચારવામાં, ભલું ઇચ્છવામાં અને ભલું કરવામાં જીવનની ખરી યોગ્યતા રહેલી છે.

વાસ્તવમાં, કર્મ અથવા 'કાર્ય—કારણ—પરંપરા'ની રીતે વિચારીએ તો, 'કાર્ય' પહેલું હોય—અને 'કારણ' પાછળથી ઊપજે એવું તો કોઈ કાળે બની શકે જ નહિ! પહેલું 'કારણ' હોય—અને પછી 'કાર્ય' અને તેનું પરિણામ હોય—એ હકીકતની રીતે જ જે—તે બધું વિચારવાનું હોય.

ઈશ્વરે યોજેલા, લોહી અને લાગણીના સંબંધોમાં આપણને ક્યાંક અન્યાય થતો હોય, કોઈ ને કોઈ રીતે આપણને દુઃખ દેવાતું હોય, કકડે કકડે થઈને આપણી જાતને હોમાવાનું જ બન્યા કરતું

હોય—તો એવા જોગ—સંજોગ પાછળ, આપણાં પોતાના જ પૂર્વકર્મોની કોઇ એવી 'લેણદેણ'ના સંસ્કાર કામ કરે છે—અને તેનું ફળ અત્યારે આ રીતે ભોગવાઇ જાય છે—એમ માનવું, સમજવું અને મનમાં દૃઢ કરવું વધારે હિતકારક!

એવા વિષમ સંજોગને, આપણા જીવનપ્રવાહથી જાણે એક જુદો જ અલાયદો ટુકડો હોય એ રીતે લેખીએ—અને પાછું એ રીતે તેની આસપાસ કૂંડાળું કરીને—તેનું તેવું તેવું બધું વિચારવા કે મૂલવવા બેસીએ અને વારંવાર ત્યાં જ ટકોરા માર્યા કરીએ—તો એ મોટી ભૂલ ગણાય.

કુટુંબલક્ષી કર્મવાદને ન્યાયે, એનો સંબંધ અખંડ એવા જીવન-પટની સમગ્રતા અને સળંગતાની સાંકળના અંકોડા સાથે જોડાયેલા છે—એવી સમજણ દૃઢ કરવાથી સમાયોજન (Adjustment) સાધવાનું વધારે સુગમ બનશે, પેલી સામેની વ્યક્તિ પરત્વે સહિષ્ણુ રહેવાશે, તેની તે પ્રકારની વર્તન—ભૂમિકાનો ઊંડો ખ્યાલ આવશે, અને એ જાતની સભાનતાથી તેની તરફ અણગમાની કે દ્વેષભાવની કલુષિત ગ્રંથિઓ નહિ બંધાય, ખાસ કરીને એવી વિષમતામાંથી પણ, પોતાનું જે કંઇ લાભદાયક પાસું હોય—તે તારવી—તોલીને નજર આગળ રાખવાથી, બાકીના સંજોગોને નિભાવી લેવાની ક્ષમતા કે દક્ષતા વધશે.

આ રીતે, ધીરે ધીરે સંસારિક સંબંધો તરફ જોવાની—એટલે કે ભૂતકાળને સમજવાની અને ભવિષ્યકાળને પારખવાની વૈજ્ઞાનિક 'દૃષ્ટિ' કેળવાતી જશે—અને જે—તે બધું હળવાશથી ખમી લેવાની આવડત વધતી જશે.

ઝેરમાંથી અમૃત શોધવાની, નિષ્ઠુરતાને પ્રેમભાવમાં પલટા-



વવાની અને આવી પડતાં દુઃખ—કષ્ટને મંગલમય તપશ્ચર્યામાં ફેરવવાની કેળવણી આમાં આવી જાય છે.

* * *

રાજ્યાભિષેકને બદલે વનવાસ જેવી ઊથલપાથલની ઘટના-માંથી બીજો પણ એક ઉત્તમ બોધ તારવી શકાય છે.

જીવનમાં ગમે તે પ્રકારે અને ગમે તે સ્વરૂપે જે જે સ્થિતિ—પરિસ્થિતિ સહજપણે આવી મળે તે બધી કારણસરની હોય અને કંઇક હેતુપૂર્વકની હોય, એની પાછળ ન્યાયકારી પ્રભુનો ગૂઢ અને શુભ સંકેત હોય. જીવનને મઠારવા માટે કે ઊંચે તારવવા માટે કે પછી કોઇ વાતે ચેતવવા માટે, અતિ આવશ્યક એવા અનુભવો કરાવવાની શક્તિ—શક્યતા એમાં છલોછલ ભરેલી હોય!

એટલે, એવી વેળાએ કંઇ કશાથી અકળાઇને કે ગભરાઇને ભાગી છૂટવાનું ન હોય, સંસાર પ્રવાહી છે અને પરિવર્તનશીલ છે. એ તો સદા સરતો અને બદલાતો જ રહેવાનો! અને તેની સાથે સ્થિતિ—પરિસ્થિતિ અને પ્રસંગોના પલટા પણ સ્વાભાવિકપણે થયા જ કરવાના!

પરંતુ, એ સારા—માઠા પલટાઓને આપણે કેવા દૃષ્ટિકોણથી અને વ્યક્તિગત વિકાસની કયી ભૂમિકાએથી જોઇએ છીએ—અને પછી એમાં કેવા મથીએ છીએ—ઝઝૂમીએ છીએ—અને એ ઢાળ-ઢોળાવ પરથી thuough out કેવી રીતે પસાર થઇએ છીએ એ જ મુખ્ય અને મહત્ત્વની બાબત છે. કઠણ—કપરા અને વિકટ વખતે જ માણસની અંદરનું હીર—ખમીર પરખાઇ આવે એ દેખીતું છે.

ઉચ્ચ કે આધ્યાત્મિક જીવનનો ખરો અર્થ જ એ કે : આન્તર-જીવનની ઉત્કટ અભીપ્સા પ્રમાણે, બાહ્યજીવનમાં જરૂરજોગ તમામ

પરિવર્તન કરવાની સજ્જતા અને તત્પરતા!

ગમે તેવાં કારણો કે ગમે તેવા જોગ–સંજોગ પણ, એમ કરતાં અટકાવી શકે નહિ–ત્યારે જ જીવનનો વિકાસ યોગ્ય દિશા અને ગતિ પકડી શકે. અને, ત્યારે જ ઉચ્ચ જીવનનો કે આધ્યાત્મિક જીવનનો આરંભ થયો ગણાય.

(અપૂર્ણ)


॥ ૐ મા–પ્રભુ ॥

સરકાર માન્ય
કસ્ટમ ખાતા તરફથી પ્રાપ્ત થયેલ
સામાનના અધિકૃત વિક્રેતા

**AVYAY COLLECTION**

Prop:–**Maheshbhai Maganlal Patel**
Shop No. 12, Puja Abhishck,
Lal Banglow, Athwa Lines, **SURAT**

'અવ્યય કલેક્શન'ના ઉદ્‌ઘાટન પ્રસંગે
શ્રી કંચનભાઈ પટેલ તરફથી




# બે ચમત્કારિક ઘટનાઓ

નારાયણ હ. જાની

આજના યુગમાં સત્ય ઘટના સ્વરૂપે ઘટતી હકીકતોને–એ ચમત્કારો જેવી લાગે છે માટે તેનો છેદ ઉડાવી દેવાની વૃત્તિ, ભણેલા વર્ગમાં દેખાય છે. તો વળી કેટલાક આવા પ્રત્યક્ષ થતા ચમત્કારોને જુએ છે, છતાં રખેને તેઓને કોઈ અંધશ્રદ્ધાળુ માની બેસે, એ બીકે રજુઆત કરતાં ડરે છે. એમ કરવા પાછળ એમની તર્કસંગતતા (Rationalism) જાણે ઘવાતું હોય એવું એમને લાગે છે.

જેમ કેવળ અંધશ્રદ્ધા રાખી કર્ણોપકર્ણ સાંભળેલા ચમત્કારો માની લેવામાં કોઈ બુદ્ધિ માની નથી, તેમ પ્રત્યક્ષ ઘટતી ચમત્કાર-પૂર્ણ ઘટનાઓની અવગણના કરવી એ પણ બરાબર નથી.

અહીં રજુ કરાયેલ બંને ઘટનાઓ તદ્દન સત્ય છે; પછી ભલે તે ચમત્કારપૂર્ણ લાગે. એ શી રીતે ઘટી એનો બુદ્ધિગમ્ય કોઈ ખુલાસો આપણે મેળવી કે આપી શકતા ન હોઈએ. છતાં જે હકીકત છે તેની અવગણના પણ શી રીતે કરાય?

તંત્રી

* * *

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી એક વર્ષની વિદેશ યાત્રા પછી અમદાવાદ પહેલીવાર પધાર્યાં છે. નારણપુરાનો પૂ. શ્રીનો સત્યપથનો આવાસ આજે સાધકવૃંદોથી ઊભરાઈ રહ્યો છે. આજે અહીં પૂ. માનું સન્માન કરવામાં આવનાર છે. અમદાવાદ શહેરમાં આજે તોફાન છે. શહેરના અંદરના વિસ્તારોમાં કરફ્યું છે. અરે, ખુદ

નારણપુરા વિસ્તારમાં પણ ભાંગફોડ ચાલી રહી છે; પરંતુ પૂ. માના સન્માન કાર્યક્રમમાં સહુ સાધકો એવા વ્યસ્ત છે. કે બહાર શું બની રહ્યું છે એની એમને કશી જાણ નથી.

પૂ. મા પોતાના સન્માનનો જવાબ વાળી રહ્યાં છે.

સાધક ભાઈબહેનોએ પૂ. માની દૈવી અને આધ્યાત્મિક શક્તિઓ વિષે પોતાના ભાવો વ્યક્ત કર્યાં છે. પૂ. મા પ્રસન્નવદને સાધકોના આ ભાવો સાંભળી રહ્યાં છે. તેઓ મનમાં સમજે છે કે અમારી આ પ્રશસ્તિ ઘણાંઓને કલ્પનાના પૂરાયેલા સાથિયા જેવી લાગતી હશે. એટલે બધા સાધક ભાઈબહેનોને એ પ્રત્યક્ષ પ્રતીતિ કરાવતાં કહે છેઃ–"અમારામાં તો કાંઇ નથી. તમારા જેવાં જ અમે મનુષ્ય છીએ. ફક્ત ફેર એટલો છે કે અમારું સારું જીવન અમારા ગુરુદેવને સમર્પિત થયેલું છે. તેઓની સૂચના પ્રમાણે જ અમારું જીવન ચાલે છે. એટલે એક ગુરુદેવ સિવાય અમારા ઉપર કોઈનું શાસન ચાલતું નથી. તમે પણ એકવાર એ ગુરુને શ્રદ્ધાભક્તિપૂર્વક સમર્પિત થઇ જુઓ. પછી માલુમ પડશે કે એ કેવા ચમત્કારો કરે છે. તમારી સામે આ દમયંતીબેનનો દાખલો છે. તેમને મુખે જ તેમની વાત સાંભળો એટલે સમજાશે કે સાચા દિલની પ્રાર્થના ને શ્રદ્ધા શું કરી શકે છે?

શ્રી દમયંતીબેન ઠાકરે કહ્યું, "છેલ્લા ત્રણચાર દિવસથી કોઇ અગમ્ય કારણસર અચાનક અમારો અવાજ નીકળતો બંધ થઇ ગયો. ગળાને શું થઇ ગયું, તે ખબર ન પડી. વાણી વગર મનને કેવી મૂંઝવણ થાય એનો અનુભવ થવા લાગ્યો. પૂ. મા આવવાનાં ને અમારાથી બીલકુલ બોલાય જ નહિ, એ કેવી દુઃખદ સ્થિતિ? ઘરનાં અને પરિચિતોને માત્ર સાન કે ઇશારાથી સમજાવવાં પડે. બહારનાં કેટલાંકને લાગે કે અમારે મૌન છે! પણ શું થાય? આ દુઃખદ સ્થિતિથી મન મૂંઝાતું રહે. મૂંગા મૂંગા પૂ. ગુરુદેવ ને પૂ. માને પ્રાર્થના કર્યાં કરું. એમ કરતાં આંસુ પણ આવી જાય. થતું કે હવે જીવનભર નહિ બોલાય કે શું? દાક્તરોને બતાવવા વિચાર્યું. પણ સમય જ ન હતો. પૂ. માનો કાર્યક્રમ પતે પછી વાત.



પૂ. મા વડોદરાથી તા. ૨૩ ઓક્ટોબરે આવ્યાં. અમને પૂછે, કેમ બોલતાં નથી? આંખમાં આંસુ સાથે ઇસારાથી સમજાવ્યું કે હે મા, બોલાતું જ નથી. શું કરું? ગળામાંથી શબ્દો નીકળતા જ નથી. આ–આ કરી બતાવ્યું. પૂ. માને પણ આ જોઇ દુઃખ થયું. પૂ. શ્રી અને સત્યપથની સેવા કરનાર પ્રત્યે પૂ. માનો કરુણાભાવ હોય જ? એ તો જગત જનની. એમનાથી પણ આ ન સહેવાયું. પૂ. ગુરુદેવને કરુણભાવે પ્રાર્થના થઇ ગઇ અને એમણે બીજા દિવસે કહ્યું, ચાલો, બોલો, 'ૐ મા'– મેં પાંચ–સાતવાર ગળામાંથી બોલવા પ્રયત્ન કર્યો ત્યારે માણ ઓમ બોલાયું પછી ૐ મા બોલાયું. અને પછી તો હું મોટે મોટેથી ૐ મા ૐ મા બોલવા લાગી.

અને પૂ. મા અને પૂ. ગુરુદેવની કૃપાથી અમારી વાણી ખુલી ગઇ! મને આનંદ આનંદ થઇ ગયો. આને તમે ચમત્કાર માનો કે ગમે તે, પણ તે એક સત્ય ઘટના છે. એના ઘણાં બધાં સાક્ષી અહીં મોજૂદ છે. અમારી વાતપર વિશ્વાસ ન આવે તો પૂછી જોજો એમને.

શ્રી દમયંતીબેનની વાત પૂરી થઇ અને ઘણાંને આશ્ચર્યમાં ડૂબાડતી ગઇ.

(૨)

એવી જ આશ્ચર્યકારક બીજી ઘટના કેનેડાની છે.

પૂ. શ્રી યોગેશ્વરજીના ભક્ત અને સેવક શ્રી સુરેશભાઈ શાહના ઘરની આ વાત છે. પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી પણ આ વર્ષે કેનેડામાં તેઓના ઘરે જ પ્રેમપૂર્વક રહ્યાં. એમનો આખો પરિવાર પત્ની–વિમળા, પુત્ર વિકાસ ને તેની પત્ની રૂપલ, પુત્રી સ્મિતા–બધાં જ પૂ. ગુરુદેવ અને પૂ. માનાં શ્રદ્ધાળુ ભક્ત. પ્રેમપૂર્વક સેવા કરે. પૂ. માને સર્વ પ્રકારે સુખ થાય એમ વર્તે.

આ સેવાભાવી પરિવારમાં એક નવા આગંતુકનો ઉમેરો થવાનો. જાણી ઘરમાં સહુને આનંદ થાય એ સ્વાભાવિક છે. ઘણાં વર્ષોથી ઘરમાં નાનું બાળક નહિ, એટલે વિશેષ આનંદ.

ગર્ભાધાનના થોડા મહિનાઓ પછી પુત્રવધૂ રૂપલને નિષ્ણાત ડૉક્ટરોને બતાવી. નિરીક્ષણ પછી તેઓએ જણાવ્યું, "બાળક તંદુરસ્ત તો છે, પરંતુ તે ખોડખાંપણવાળું જનમવાનું." આ સાંભળી પરિવાર સ્તબ્ધ બની ગયો! અરે! ખોડખામીવાળા બાળકનો ઉછેર કરવાની કેવી આપદા આવી પડવાની! બધાં ચિંતાતુર બની ગયાં. શું કરવું તે સૂઝે નહિ.

એ અરસામાં પૂ. મા કેનેડા તેમના ઘરે પધાર્યાં. શ્રી વિમળાબેન અને પુત્ર વિકાસે પૂ. માને બધી હકીકત જણાવી, એ સાંભળી પૂ. માને પણ દુ:ખ થયું. પોતાના સેવાભાવી બાળકોના દુ:ખે મા દુ:ખી થાય–એ સ્વાભાવિક છે. પૂ. માએ સલાહ આપતાં કહ્યું, તમને તમારા ગુરુ ઉપર શ્રદ્ધા છે કે નહિ? ડૉક્ટરો ભલે ગમે તે કહે. તમે સહુ આજથી એ ગુરુના શરણે જાઓ ને 'ૐ योगेश्वर रक्ष माम्' નો જપ કરો. બધું એ ગુરુને સોંપી દો.

પરિવારનાં સભ્યોએ પૂ. માનાં વચનોમાં વિશ્વાસ રાખી, પૂ. ગુરુદેવનો એ મંત્ર શ્રદ્ધાભક્તિથી જપવા માંડયો. દિવસો પૂરા થતાં



રૂપલને ખોળે પુત્રીનો જન્મ થયો; પરંતુ સહુના આશ્ચર્ય વચ્ચે એ સંપૂર્ણ તંદુરસ્ત ને બીલકુલ ખામીરહિત હતી. દાક્તરોને પણ આશ્ચર્ય થયું? આમ શી રીતે બન્યું તે તેઓ પણ ન સમજી શક્યા.

પૂ. માએ નમ્રભાવે કહ્યું, "એ તમારા સમર્થ ગુરુની કૃપા સમજો. આ બાળકીનું નામ 'કૃપા' રાખો. આમ એક તંદુરસ્ત, હસમુખી રૂપાળી 'કૃપા' બાળકીનો ઉમેરો શ્રી સુરેશભાઈના પરિવારમાં થયો. વૈજ્ઞાનિક ચિકિત્સા ઉપર ગુરુકૃપાના વિજયની સદૈવ યાદ દેવડાવતી કૃપા.

## અમદાવાદમાં પૂ. માનું સન્માન

૨૦૪૭ ના નવા વિક્રમ સંવતની લાભ પાંચમના મંગલદિને અમદાવાદ ખાતેના પૂ. માના સન્માન સમારંભનું આયોજન સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ તરફથી શ્રી બાબુભાઈ વોરાએ કર્યું, જ્યારે કાર્યક્રમનું સંચાલન શ્રી કુમુદચંદ્ર ત્રિવેદીએ અને એની સફળતામાં સાથ પૂર્યો અમદાવાદના સર્વે સાધક ભાઈબહેનોએ.

સન્માન સમારંભના વક્તાઓમાં સમાવેશ થયો શ્રી બાબુભાઈ વોરા, શ્રી નારાયણભાઈ જાની, શ્રી જયંતીભાઈ પટેલ (કેનેડા), શ્રી ગોરધનભાઈ કલોલા, શ્રી હરિભાઈ ભોજાણી અને શ્રી રંજનબેન ઠાકર.

બહારગામથી આવેલ સાધકોને નાસ્તા અને પ્રસાદની વ્યવસ્થા પણ આયોજકોએ કરેલી. અભિનંદન.

# રામકથા

( ગતાંકથી ચાલુ ) યોગેશ્વરજી

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

જટાયુનો સામનો કરતાં રાવણ રોષે ભરાઇને બોલ્યો, 'તારો પ્રાણ જો તને પ્રિય હોય અથવા જો તું જીવતો પાછો જવા ચાહતો હોય તો મારા માર્ગમાં અંતરાય નાંખવાનું મૂકી દે. મારા બળની આગળ તારું તો શું પરંતુ દેવતાઓનું અને દેવોના અધિપતિ ઇન્દ્રનું બળ પણ કશી વિસાતમાં નથી. દાનવ, માનવ કે દેવતામાંથી કોઇ જ મારો મુકાબલો નથી કરી શકે એમ. મારું નામ સાંભળીને મોટા મોટા મહારથીઓ અને દિગ્પાળો પણ ડરે છે.'

'તારા બળનાં વખાણ તારા વિના બીજું કોણ કરે? તારું બળ આટલું બધું વધારે છે તો પછી શ્વાનની પેઠે છૂપી રીતે રામના આશ્રમમાં પેસીને સીતાનું હરણ શા માટે કરી રહ્યો છે? રામનો જરાક સામનો તો કરી જો, તો તને ખબર પડે કે એમની આગળ તારી શક્તિ તો એક મગતરા બરાબર પણ નથી. એ તને ચપટી વગાડતામાં ચૂંથી નાંખે તેમ છે.'

'મને ચપટી વગાડતામાં કોઇ જ નથી ચૂંથી શકે તેમ. રામનું કે બીજા કોઇનું બળ મારા બળના એક હજારમા ભાગના બળ બરાબર પણ નથી તે તું જાણે છે? મારું નામ રાવણ છે.'

'રાવણ?' 'હા રાવણ. મારું નામ તેં હજુ આજે જ સાંભળ્યું એટલે મારા અપ્રતિમ પરાક્રમનું અનુમાન તારાથી કેવી રીતે કરી શકાય? તારું હિત ચાહતો હોય તો મારા કાર્યમાં વિલંબ કરવાનું તેમ જ વિક્ષેપ પાડવાનું છોડી દે અને મને આગળ જવા દે.'

જટાયુ જરાક વ્યંગમાં બોલ્યો, 'તું આટલો બધો બહાદુર થઇને ભિખારી પેઠે મારી દયાની ભીખ માગે છે! એ જોઇને મને અતિશય આશ્ચર્ય થઇ રહ્યું છે. તારું બળ અને પૌરુષ આવી રીતે બહાદુરીના ખોટા બણગાં ફૂંકવામાં અને



નિર્લજ્જની જેમ ચોરીછૂપીથી કુકર્મ કરવામાં જ રહ્યું લાગે છે. તારા પરાક્રમની પોકળ વાતો કરીને તથા તારું ત્રણ અક્ષરનું અમંગલ નામ સંભળાવીને જ અત્યાર સુધી બીજાને ડરાવીને તારું કામ કઢાવ્યું લાગે છે. પરંતુ આ વખતે તને તારી એ પદ્ધતિમાં સફળતા નહિ મળે. તારું હિત ચાહતો હોય તો સીતાને છોડીને ચાલતો થા, નહિ તો પછી મરવા માટે તૈયાર થઇ જા.'

રાવણ અટ્ટહાસ્ય કરીને કહેવા માંડયો, 'તારામાં મને મારવાની તો શું પરંતુ મારો સામનો કરવાની શક્તિયે ક્યાં છે? તારો પ્રલાપ નકામો છે. પરંતુ હા, તારી ચાલાકી અથવા બદદાનત મારાથી છૂપી નથી રહી શકતી. હું સીતાને છોડી દઉં એટલે તું એને લઇને ચાલતો થવા માગે છે, તેની મને ખબર છે. તારી નજર સીતા પર મંડાયેલી છે એટલે જ તું એને છોડાવવા માટે આટલા બધા પ્રયાસો કરી રહ્યો છે. પરંતુ હું એને એમ નથી છોડી દઉં તેમ, એના જેવી સૌંદર્યવતીની પ્રાપ્તિ તો કોઇ સૌભાગ્યશાળીને જ થઇ શકે. એને છોડી તો નહિ દઉં. પણ મારી પટરાણી જરૂર બનાવીશ. કુદરતે એટલા માટે જ એને પેદા કરી છે. એ ભૂલથી રામના હાથમાં જઇ પડેલી. એને મેળવવાની ઇચ્છાથી પ્રેરાઇને તો હું એના સ્વયંવરમાં પણ ગયેલો. પરંતુ ત્યાં થોડીક ભૂલ થવાથી એને ના મેળવી શક્યો. હવે અવસર મળ્યો એટલે એ ભૂલ મેં સુધારી લીધી. એને છોડી દઇને હવે બીજી ભૂલ નહિ કરું.'

તો પછી આવી જા લડવા અને મરવા. તારે માથે કાળ ભમી રહ્યો છે. નીચ, પાપી, તું કામાંધ હોવાથી સીતાને માટે જેમ તેમ બકી રહ્યો છે. પરંતુ સીતા તો મારે મન માતા છે. એને છોડાવવા મારાથી બનશે તે બધું જ કરી છૂટીશ. તને ખબર પડશે કે આ કુકૃત્યની કીંમત તારે કેટલી બધી મોટી ચૂકવવી પડે છે! મારા શરીરમાં શ્વાસ છે ત્યાં સુધી તારાથી સીતાને આગળ નહિ લઇ જઇ શકાય.' એમ કહીને જટાયુ રાવણ પર તૂટી પડયો. એણે અદ્દભુત પરાક્રમ દાખવીને રાવણને લાંબા વખત લગી રોકી રાખ્યો અને ભયંકર રીતે ઘાયલ કર્યો.

રાવણ પણ અતિશય ક્રોધે ભરાઇને જટાયુ પર પ્રહાર કરવા માંડયો. એમનાં દ્વંદ્વયુદ્ધને સીતા એક બાજુ ઉભી રહીને, ભયભરી સાશંક દૃષ્ટિથી જોવા માંડી. જટાયુના પરાક્રમથી રાવણ ખૂબ જ પ્રભાવિત બની ગયો. સીતાને

લઈને જેટલો બને તેટલો આગળનો માર્ગ કાપવાની એને ઉતાવળ હતી. એ ઉતાવળમાં જટાયુ ભારે વિક્ષેપરૂપ બની રહ્યો. એટલે એના ક્રોધનો પાર ના રહ્યો. એણે કઠોર સ્વરે કહેવા માંડયું. 'તારે મને આગળ જવા દેવો છે કે નથી જવા દેવો?'

'મારા શરીરમાં શ્વાસ છે ત્યાં સુધી તો તને એક ડગલું પણ આગળ નહિ જવા દઉં. જટાયુએ નીડરતાથી જણાવ્યું. 'તારા પરાક્રમની આટલી બધી પ્રશંસા કરતો'તો તો હવે પરાક્રમ ક્યાં ગયું? તારે જેટલું પરાક્રમ બતાવવું હોય એટલું બતાવી દે, પરંતુ આજે તને જીવતો નહિ છોડું. તું સાચો પરાક્રમી છે એવું મારાથી માની જ નથી શકાતું. તું તો કાયર, ડરપોક અને નામર્દ છે. એટલે તો સીતાને એની અસહાયતાનો લાભ લઈને ઉઠાવી જવા માગે છે. રામના દેખતા આવા ઘોર કુકર્મને કરવાની તેં ધૃષ્ટતા કરી હોત તો એ જ વખતે તારા મદોન્મત પાપયુક્ત જીવનનો અંત આવી ગયો હોત.'

રાવણને વિશેષ ચર્ચામાં રસ નહોતો. નિરર્થક ચર્ચા અથવા વાદ-વિવાદમાં વખત વિતાવવાનું એને પસંદ ન હતું. એટલે આંખને લાલ કરતાં એણે કહ્યું. 'મારા જીવનનો અંત તો જ્યારે આવશે ત્યારે આવશે. એનો અંત આણનાર હજુ સુધી કોઈ જ નથી જન્મ્યો. પરંતુ તારા જીવનનો અંત તો હમણાં જ લાવી દઉં છું. તેના વિના તારો પ્રલાપ બંધ નહિ થઈ શકે.'

રાવણે કાળરૂપ બનીને પોતાની તલવારથી જટાયુની પાંખ કાપી નાખી. પાંખ કપાતાં જ જટાયુ અપંગ અને અસાહાય બન્યો તથા ચિત્કાર કરતો ધરતી પર ઢળી પડયો. એના મુખમાંથી 'રામ, રામ'ના કરૂણ સ્વરો નીકળવા લાગ્યા. રામની સેવા કરતાં પોતાને આવું સહેવું પડયું એનો મીઠો સંતોષ એના મનમાં રહી ગયો. એની સાથે સાથે સીતાને રાવણના સકંજામાંથી છોડાવી ના શકાઈ તેને માટે એના મનમાં વસવસો પણ પેદા થયો.

(ક્રમશ:)

# મૃત્યુ આશીર્વાદરૂપ

મૃત્યુ તો માણસને માટે આશીર્વાદ બનીને આવે છે. સંસારમાં ડૂબેલા, ભાન ભૂલેલા ને મોહમય બનેલા માણસને તે સાવચેત કરે છે, ને શિક્ષા આપે છે કે હે માનવ! મને ભૂલતો નહિ. સંસારના રંગ જેમ આવનારા ને જનારા છે તેમ જીવન પણ આવનારું ને જનારું છે. જીવન ઘણું સુંદર છે પણ મારો સંબંધ તેની સાથે સદાને માટે જોડાયેલો જ છે તે પણ તું જાણી લેજે. પણ મારાથી ડરીશ નહિ. હું તો તારું મિત્ર છું. નવા જીવનનું દાન કરીને તારા પર ઉપકાર કરું છું.

સંસારમાં ના લપટાવવાનો તને બોધપાઠ આપું છું ને તારે અમર બનવું હોય, મારા પર વિજય મેળવી લેવો હોય તો તેની પણ તને યાદ આપું છું. તેનો ઉપાય પણ બતાવી દઉં છું. મને મારવાનો ને મારા પર શાસન કરવાનો ઉપાય, મારા ને સારા ય સંસાર પર જેનું શાસન ચાલે છે, ને આ સંસારની ઉત્પત્તિ, સ્થિતિ ને વિનાશકતાનું જે મૂળ કારણ છે, તે પરમકૃપાળું ને સર્વ શક્તિમાન સ્વામીનું શરણ લઈ લે. પરમાત્માની પ્રાપ્તિ કરી લે. બીજો કોઈ માર્ગ નથી. મારા પર વિજય મેળવવાની બીજી કોઈ કુંચી નથી.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# મૃત્યુનો શોક નકામો છે.

મરણ વખતે ને મરણ પછી શોક ના થાય ને મન સ્વસ્થ રહે તે માટે વિવેકના દીપકને જગાવવાની જરૂર છે. બીજી જરૂરત ઈશ્વરમાં શ્રદ્ધા રાખવાની ને ઈશ્વર જે કરે છે, તે સારું કરે છે એવી પાકી સમજની છે. આવી સમજવાળા વિવેકી પુરુષો મરણથી દુઃખી થતા નથી.

ભારતમાં હમણાં જ થઇ ગયેલા મહાપુરુષ શ્રી રમણ મહર્ષિની માતાની આખરી દશા આવી ત્યારે મહર્ષિએ તેમની ખૂબ સેવા કરી. મહર્ષિ આખો દિવસ તેમની પાસે બેસી રહ્યા. તેમના શરીર પર હાથ ફેરવી રહ્યા, ને તેમના કહ્યા પ્રમાણે તેમણે પોતાની અલૌકિક શક્તિથી માતાને મુક્તિ અપાવી દીધી.

માતાના મૃત્યુ પછી જરૂરી વિધિ પતાવીને તેમણે આશ્રમવાસીઓને કહ્યું કે ચાલો, હવે આપણે જમી લઈએ. આપણને કાંઈ સુતક લાગે વળગે નહિ, અને આશ્રમવાસીઓની સાથે બેસીને તેમણે ભોજન કર્યું. નરસી ભગતે સ્ત્રી ને પુત્રના મૃત્યુ વખતે ઈશ્વરની ઈચ્છામાં આનંદ માનીને ગાયું કે : ‘ભલું થયું ભાંગી જંજાળ, સુખે ભજીશું શ્રી ગોપાલ.’ ઉપરોક્ત દૃષ્ટાંતોમાં અનાસક્તિ ને મોહમુક્તિની જે ભાવના છે તે સુંદર છે.

રમણ મહર્ષિ ને નરસી જેવા મહાત્માઓ કાંઈ કઠોર હતા. તેમનું દિલ લાગણી વિનાનું ને પથ્થરિયું ન હતું. તે તો પ્રેમની પ્રતિમા જેવા હતા. જે સારાય સંસારને ઈશ્વરનું સ્વરૂપ સમજીને પ્રેમ કરે, તેઓ પોતાને પ્રેમ કરનાર કે મમતાની નજરે જોનાર માણસો પ્રત્યે અગર બીજા કોઈયે જીવો પર દ્વેષભાવ કે ધૃણા કેવી રીતે કરી શકે?

—મહાત્મા યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાન:—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિ. પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧.